
# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

તા. બારડોલી. જિ. સુરત.

રજીસ્ટ્રેશન નંબર : સે-૯ તા. ૩૧ મી માર્ચ ૧૯૬૪

ઉદ્યમેવ હી સિધ્યન્તિ




**૪૮ મો**

# વાર્ષિક અહેવાલ અને હિસાબ

વર્ષ : ૨૦૧૨-૨૦૧૩

(તા. ૧-૪-૨૦૧૨ થી તા. ૩૧-૩-૨૦૧૩ સુધી)

સુરેશભાઈ જે. પટેલ
ઉપ-પ્રમુખ

દિલીપભાઈ બી. ભકત
પ્રમુખ

એમ. એલ. રાઠોડ
મેનેજીંગ ડીરેકટર

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## -:: વ્યવસ્થાપક કમિટિ સને : ૨૦૧૨-૨૦૧૩ ::-

| અ. નં. | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | શ્રી દિલીપભાઈ ભીખાભાઈ ભક્ત | પ્રમુખશ્રી | બાજીપુરા |
| ૨ | શ્રી સુરેશભાઈ જગુભાઈ પટેલ | ઉપ-પ્રમુખશ્રી | કડોદ |
| ૩ | શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ખરવાસા |
| ૪ | શ્રી હસમુખભાઈ ધીરજભાઈ ભક્ત | કમિટિ સભ્યશ્રી | કપુરા |
| ૫ | શ્રી મહેન્દ્રભાઈ નાથુભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | સેજવાડ |
| ૬ | શ્રી કિશોરભાઈ રણછોડભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | નિઝર |
| ૭ | શ્રી નરેન્દ્રભાઈ મગનભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ચીખલી(રાજ) |
| ૮ | શ્રી અલ્પેશભાઈ મગનભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | નનસાડ |
| ૯ | શ્રી દિનેશભાઈ ખુશાલભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ખંજરોલી |
| ૧૦ | શ્રી સુરજરામ ઉર્ફે સુરેશભાઈ રાનીયાભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | કાંટીફળીયા |
| ૧૧ | શ્રી જયપ્રકાશભાઈ બાબુભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ખોજ |
| ૧૨ | શ્રી માધુભાઈ ધુરીયાભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | વેડછી |
| ૧૩ | શ્રી ખાંડ નિયામકશ્રી ગુજરાત રાજય | રજીસ્ટ્રારશ્રીના પ્રતિનિધિ | ગાંધીનગર |
| ૧૪ | શ્રી મગનભાઈ રણછોડભાઈ પટેલ | મધ્યસ્થ નાણાં ધીરનાર બેંકના પ્રતિનિધિ | વરાડ |
| ૧૫ | ઈનચાર્જ મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત રાજય સ. ખાંડ ઉદ્યોગ સંઘ ગાંધીનગરનાં પ્રતિનિધિ | | ગાંધીનગર |
| ૧૬ | શ્રી એમ. એલ. રાઠોડ | મેનેજીંગ ડીરેકટરશ્રી (એકસ ઓફીસીયો) | મઢી |

## -:: એકઝીકયુટીવ કમિટિ સને : ૨૦૧૨-૨૦૧૩ ::-

| અ. નં. | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | શ્રી દિલીપભાઈ ભીખાભાઈ ભક્ત | પ્રમુખશ્રી | બાજીપુરા |
| ૨ | શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ | ક. સભ્યશ્રી | ખરવાસા |
| ૩ | શ્રી હસમુખભાઈ ધીરજભાઈ ભક્ત | ક. સભ્યશ્રી | કપુરા |
| ૪ | શ્રી કિશોરભાઈ રણછોડભાઈ પટેલ | ક. સભ્યશ્રી | નિઝર |
| ૫ | શ્રી ખાંડ નિયામકશ્રી ગુજરાત રાજય | રજીસ્ટ્રારશ્રીના પ્રતિનિધિ | ગાંધીનગર |
| ૬ | શ્રી મગનભાઈ રણછોડભાઈ પટેલ | બેંકના પ્રતિનિધિશ્રી | વરાડ |
| ૭ | શ્રી એમ. એલ. રાઠોડ | મેનેજીંગ ડીરેકટરશ્રી (એકસ ઓફીસીયો) | મઢી |

## -:: આમંત્રિત સભ્યશ્રી ::-

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી સુરેશભાઈ જગુભાઈ પટેલ | ઉપ-પ્રમુખશ્રી | કડોદ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## સૂચના

આથી સદરહુ મંડળીના સર્વે સભાસદોને ખબર આપવામાં આવે છે કે, આ સંસ્થાની અડતાલીસમી (૪૮) વાર્ષિક સાધારણ સભા તા. ૧૯-૧૧-૨૦૧૩ ને મંગળવાર નારોજ બપોરે ૧-૦૦ કલાકે સંસ્થાની રજીસ્ટર્ડ ઓફિસનાં સ્થળે મળશે, તો સદર સભામાં અહેવાલ સાથે હાજર રહેવા વિનંતી છે.

## સભામાં નીચેના કામો રજુ થશે.

૧. ગત વર્ષની તા. ૬-૧૧-૨૦૧૨ નારોજ મળેલી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.

૨. સંસ્થાનાં સને ૨૦૧૨-૨૦૧૩ (તા. ૧-૪-૨૦૧૨ થી તા. ૩૧-૩-૨૦૧૩) નાં વર્ષનો અહેવાલ તથા વ્યવસ્થાપક કમિટિએ મંજુર કરેલ હિસાબ તથા સરવૈયું આ સાથે સામેલ છે, તે મંજુર કરવા બાબત.

૩. સને ૨૦૧૨-૨૦૧૩ના વર્ષની ઓડિટનોટની દુરસ્તી જે વ્યવસ્થાપક કમિટિએ મંજુર કરેલ છે. તેને વાંચનમાં લઈ નોંધ લેવા બાબત.

૪. પેટા-નિયમ-૪ મુજબ બોર્ડ ઓફ ડિરેક્ટર્સને સંસ્થાના કામ માટે જરૂરી કરજ ઉભું કરવા તેમજ તમામ કામકાજોનો અધિકાર આપવા બાબત.

૫. પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે કામો.

લિ.

સ્થળ :- મઢી. ૩૯૪ ૩૪૦
તા. ૨૨-૧૦-૨૦૧૩

(એમ. એલ. રાઠોડ)
મેનેજીંગ ડીરેકટર
બોર્ડ ઓફ ડીરેકટર્સનાં આદેશથી

<u>તા. ક. :-</u>

૧. સભાસદોને હિસાબી કામકાજ અંગેની બીજી કોઈપણ માહિતીની જરૂર હોય તો તેમણે સભાનાં સાત દિવસ અગાઉ ઓફિસ સમય દરમ્યાન જ આવી સમજી જવા વિનંતી.

૨. સભામાં સંસ્થાનાં સભાસદોને જ સભાના સ્થળે ઓળખપત્ર જોઈને પ્રવેશ આપવામાં આવશે, જેથી દરેક સભાસદ ભાઈ-બહેનોએ ઓળખપત્ર સાથે લાવવા વિનંતી.

૩. કોરમનાં અભાવે મુલતવી રહેલ સભા અર્ધા કલાક બાદ મળશે, જેને કોરમનો બાધ લાગશે નહિ.

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## :: પ્રમુખશ્રીનું નિવેદન ::

**સુજ્ઞ સભાસદભાઈઓ તથા બહેનો,**

આપણી સંસ્થાની ૪૮મી વાર્ષિક સાધારણ સભાનાં અવસરે આપ સૌનું હાર્દિક સ્વાગત કરતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. સંસ્થાના સને ૨૦૧૨-૨૦૧૩ ના વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરેલ હિસાબો, માહિતીદર્શક આંકડા તેમજ જરૂરી પરિશિષ્ટો રજુ કરી મારૂં નિવેદન સાદર રજુ કરૂં છું.

**શ્રધ્ધાંજલિ :-**

સંસ્થાનાં સભાસદ-કામદાર પરિવારો પૈકી અવસાન પામેલ ભાઈ-બહેનોનાં નિધનની સખેદ નોંધ લઉં છું.

અહેવાલનાં વર્ષ દરમ્યાન આપણાં દેશનાં માજી વડાપ્રધાન શ્રી આઈ. કે. ગુજરાલ, ગુજરાત રાજ્યનાં માજી મહેસુલ મંત્રીશ્રી દલસુખભાઈ ગોધાણી, સહકારી મિત્ર અને ચલથાણ સુગરના પ્રમુખશ્રી જયંતિભાઈ ચીમનભાઈ પટેલ, ખેડૂત સમાજનાં પ્રમુખ અને જીલ્લાની ઘણી બધી સહકારી સંસ્થા સાથે સંકળાયેલા એવા શ્રી કરશનભાઈ પટેલ, માજી ગૃહમંત્રી અને સુરત ડી. કો. ઓપ. બેંકનાં ડીરેકટરશ્રી પોપટભાઈ વ્યાસ, ધી સુરત ડી. કો. ઓપ. બેંકના ડીરેકટરશ્રી છોટુભાઈ પટેલ, તેમજ ઉત્તરાખંડ રાજ્યમાં કુદરતી હોનારતી પ્રકોપથી યાત્રાળુઓ તથા સ્થાનિક રહેવાસીઓ જે માર્યા ગયેલ છે, તેમજ આપણાં સભાસદ પરિવાર પૈકી તથા કર્મચારી ગણ જેમના દુઃખદ નિધન થયા છે, તેની નોંધ લઈ સૌને શ્રદ્ધાંજલિ અર્પું છું.

...... ૐ શાંતિ ...... ...... ૐ શાંતિ ...... ...... ૐ શાંતિ ......

**ખાંડ ઉધોગ અને આપણી સંસ્થા અને વર્ષ દરમ્યાનની કામગીરીનું અવલોકન :-**

સમગ્ર વિશ્વ આ ખાદ્યાન ચીજનો ભરપુર ઉપયોગ કરે છે, આપણાં દેશ કરતા દુનિયાના દેશોમાં પ્રતિ માનવ ખાંડના વપરાશનું પ્રમાણ બમણા જેટલું હોય છે, સામાન્ય રીતે આપણાં દેશમાં પરકેપીટા ખાંડનાં વપરાશનું પ્રમાણ ૧૮ થી ૨૦ કિલો જેટલું હોય છે. જે ઉદ્યોગ સમગ્ર દેશમાં ખેત આધારીત ઉદ્યોગ તરીકે દ્વિતીય સ્થાન ધરાવે છે, ૨૫૦ લાખ ટન જેટલી ખાંડનું ઉત્પાદન કરે છે, એ રીતે ગુજરાતનાં ખેડૂતની વાત કરીએ તો ગુજરાતના ઉત્પાદક સભાસદોને ૩,૫૦૦ થી ૩,૮૦૦ કરોડ જેટલી રકમ પોતાનાં માલની આપવામાં આવે છે. જેને કારણે ખુબ જ મોટી ખેડૂતોમાં આર્થિક ક્રાંતિ થઈ છે, આપણે સૌ એ વાતથી પણ વાકેફ છીએ, આ ઉદ્યોગ હંમેશા એક વિષચક્રમાં રહેતો હોય છે, થોડાક વર્ષ એક પ્રકારની હરણફાળ ભરતો હોય ત્યારબાદ ફરી શરૂ થતા વર્ષ પાછા ઉતરતા ક્રમે જતો હોય છે, છેલ્લા ત્રણ વર્ષથી દેશમાં જે રીતે ખાંડનાં ઉત્પાદનની સ્થિતિ વપરાશ-નિકાસ જેના કારણે ઉદ્યોગમાં ક્રમશઃ ચડતી જોવા મળી છે, છેલ્લા જાન્યુઆરી-૨૦૧૩ પછી ખાંડના બજારની સ્થિતિ નિર્માણ થઈ છે તે સૌને માટે મોટો ચિંતાનો વિષય બનેલો છે. ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષ દરમ્યાન ખાંડની ઉપજમાં ૪૦૦ રૂપિયા જેટલો હાલ ઘટાડો જોવા મળે છે આવી કપરી સ્થિતિમાં ઉદ્યોગ પણ એક જબરદસ્ત કપરા સમયમાંથી પસાર થઈ રહ્યો છે, ખેડૂતોએ સમગ્ર પરિસ્થિતિથી હંમેશા વાકેફ રહેવું પણ જરૂરી છે.

સમગ્ર દેશમાં નવી ૨૦૧૩-૨૦૧૪ ની સીઝન ૯૦ લાખ ટનના સ્ટોક સાથે શરૂ થઈ છે અને ઉત્પાદન પણ ૨૦૧૩-૨૦૧૪ની સીઝનમાં ૨૫૦ લાખ ટન થવાની શકયતા છે, નિકાસ પણ આકર્ષક નથી, વિશ્વ બજાર પણ હંમેશા નિચું રહેતું હોય છે, લાંબા સમય ખાંડ ગોડાઉનમાં રહેવાને કારણે ગુણવત્તા પણ નબળી થતી હોય છે, આવા કપરા સમયે સમગ્ર ખેડૂત આલમે અતિ ગંભીર બનવું પણ જરૂરી છે, સમગ્ર ગુજરાતમાં જયારે સહકારી ક્ષેત્રે આ ઉદ્યોગ હોય ત્યારે સંચાલક મંડળ વિશેષ રીતે ખેડૂતોને મહત્તમ પોતાના માલનાં નાણાં મળે તે બાબતે

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

સજાગ હોય છે આપ એ બાબતથી પણ વાકેફ છો જ. ખેડૂતોને પોતાના માલનાં નાણાં શેરડીનાં રૂપાંતર કરતા ઉત્પન્ન થયેલ ખાંડ, મોલાસીસ, બગાસ, આડ પેદાશની સઘળી આવકનાં ૮૦% જેટલી રકમ પરત કરવામાં આવતી હોય છે. ગુજરાત જ એવું રાજ્ય છે જે આ પ્રકારે શેરડી ઉત્પાદકોને મહત્તમ વળતર આપે છે, આમ છતાં પણ મારે એ વાત પણ આપને દુઃખ સાથે કહેવુ પડે, શેરડી ઉત્પાદનની લાગતના મુદ્દાને આગળ કરી શેરડીની કિંમત ઓછી મળે છે તે મુજબની નિરાશાની લાગણી પ્રગટ કરતા રહે છે, આખરે આ કોઈ એક માલિકની વ્યવસાયનો ભાગ નથી, પ્રતિ ટન ઉત્પાદન બાબતે એટલું બધુ દુર્લક્ષ છે, જેના કારણે છેલ્લા કેટલાક વર્ષોથી પ્રતિ ટનના ઉત્પાદનમાં કોઈ મોટો ફેર દેખાતો નથી. આપણે એ વાસ્તવિકતા પણ સ્વીકારવી પડશે કુલ ઉત્પાદક સભાસદો પૈકી ૫૦% જેટલા ઉત્પાદકો નાના-સિમાંત અને આદિવાસી ખેડૂતોનો સમુહ છે, કેટલીક સમસ્યાના કારણે સારૂ ઉત્પાદન મળતું નથી અત્યંત નાના એકમો છે આવા વિવિધ પરિબળોને કારણે ધાર્યા પરિણામો પ્રાપ્ત કરી શકતા નથી.

આપણી સંસ્થાની કામગીરીની વાત કરીએ તો તા. ૧-૪-૨૦૧૨નો ઉઘડતો સ્ટોક ૭,૫૨,૦૯૨ ગુણી હતો અને લેવી ૯૧,૬૯૫ ક્વિન્ટલ હતો, અને નાણાંકીય વર્ષ દરમ્યાન ૧૦,૭૫,૧૪૦ ક્વિન્ટલ ઉત્પાદન થયેલ છે જયારે વર્ષ દરમ્યાન ૧૦,૧૦,૧૦૫ ક્વિન્ટલ ખાંડનું વેચાણ થયેલ છે, આ વેચાણ થયેલ ખાંડની રાશ ₹ ૨,૯૯૪-૪૭ ઉપજેલ છે, તા. ૧-૪-૨૦૧૩ નાં રોજ ૮,૧૭,૧૨૭ ક્વિન્ટલ સ્ટોક ઉઘડતો રહેવા પામેલ, મોલાસીસ તા. ૧-૪-૨૦૧૨ નો ઉઘડતો સ્ટોક ૧૩,૪૫૬-૧૪૦ ટન, ઉત્પાદન ૪૬,૭૦૨-૮૦૦ ટન, વર્ષ દરમ્યાન ૪૦,૮૬૨-૬૫૦ ટન વેચાણ થયેલ છે, તેજ રીતે આલ્કોહોલનું ૬૬,૦૭,૭૦૦ લીટર ઉત્પાદન થયેલ છે.

સમગ્ર સીઝન પડકારવાળી બની હતી, મહત્તમ બગાસ બચત થઈ શકે તે માટેના સાહસને સંપૂર્ણ સફળતા ન મળવાના કારણે તેમજ કેટલીક અન્ય મુશ્કેલીના કારણે પીલાણ ક્ષમતા અપેક્ષા મુજબ પ્રાપ્ત નથી કરી શકયા એ હકીકત છે, બંધ સીઝનમાં સંપૂર્ણ કાળજી સાથે જે જે ત્રુટીઓ માલમ પડી હતી તે સંપૂર્ણ પણે દુરસ્ત કરેલ છે આપણે અપેક્ષા રાખીએ સીઝન ૨૦૧૩-૨૦૧૪ આપણી અપેક્ષા મુજબ રહેવા પામે.

સમગ્ર ચોમાસા દરમ્યાન સતત એકધારો વરસાદ રહેવાને કારણે ઉત્પાદન પર માઠી અસર ઉભી થશે એવી દહેસત વર્તાય રહી છે, આપણો લક્ષ્યાંક ૧૧ લાખ ટનનો અંદાજેલ છે, તેને પહોંચી વળવા સમગ્ર વિભાગ નો સહયોગ પ્રાપ્ત કરી લક્ષ્યાંક પૂર્ણ કરીશું એવી આશા રાખીએ છીએ.

જે સભાસદ પરિવાર દ્વારા શેરડીનું સૌથી વધુ ઉત્પાદન નવા રોપાણ અને લામમાં મેળવેલ છે, તેમને અભિનંદન આપું છું. આપણે સૌ ઉત્પાદક ખેડૂતો આવા લક્ષ્યાંકને હાંસલ કરવા કટિબદ્ધ બનીએ એવી અપેક્ષા રાખું છું.

| અ. નં. | સભાસદનું નામ | ગામ | રોપાણ એ. ગુંઠા. | ઉતાર ટનમાં પ્રતિ એકર | શેરડી ની જાત |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી ધર્મેશભાઈ જગુભાઈ પટેલ (નવુ રોપાણ) | માંગરોલીયા | ૪.૨૫ | ૮૨.૦૮૫ | ૮૬૦૦૨ |
| ૨. | શ્રી બાબુભાઈ જગાભાઈ પટેલ (૧-લામ ) | બૌધાન (મોજે : ગામ રોસવાડ) | ૫.૦૦ | ૬૧.૧૩૦ | ૮૬૦૩૨ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

**ઈથેનોલ પ્રોજેક્ટ બાબત :-**

હેવાલનાં વર્ષ દરમ્યાન ૬૬,૦૭,૭૦૦ લીટર આર.એસ.નું ઉત્પાદન કર્યું છે. જે માટે વર્ષ દરમ્યાન ૨૩,૮૨૨ ટન મોલાસીસનો વપરાશ થયેલ છે. આમ આપણે પ્રતિ ટન મોલાસીસ દ્વારા ૨૭૭.૩૮ લીટર આર. એસ. મેળવી શક્યા છીએ.

ઈથેનોલ પ્રોજેક્ટ માટે અત્યાર સુધીમાં જે ઘસારો કાઢવામાં આવ્યો છે તે ₹ ૧૦૨૫.૨૦ લાખ છે, સીઝન ૨૦૧૩-૨૦૧૪ માટે ઓઈલ કંપની દ્વારા જે ઈથેનોલ કાર્યક્રમ અંર્તગત ઓઈલ કંપનીમાં ૧૨,૦૦,૦૦૦ લીટરનું ટેન્ડર ભરેલ છે, તેમજ જી.એન.એફ.સી. માં ૨૩,૦૦,૦૦૦ લીટરનું ટેન્ડર ભરેલ છે. આખરી ભાવનો નિર્ણય થયેલ નથી.

મોલાસીસ રૂટમાંથી આલ્કોહોલ બનાવવાની બાબતે સામાન્ય રીતે ૧ લીટર આલ્કોહોલ પેદા થાય તેની સામે ૧૦ થી ૧૨ લીટર સ્પેન્ટવોશ ઉત્પન્ન થતો હોય છે, જેનો ઉપયોગ કંમ્પોષ્ટ ખાતર બનાવવા માટે કરતા હોઈએ છીએ, ૧ કિલો પ્રેસમડ માટે સામાન્ય રીતે ૧ થી ૧.૧/૨ લીટર કરતા વધારે પાણી ભેળવી જ ન શકવાને કારણે આવા વપરાશના જથ્થા એ મોટો ગંભીર પ્રશ્ન આપણા માટે રહેતો હોય છે, આ બાબતે આપણે ગંભીરપણે વિચારી સ્પેન્ટવોશનું પ્રમાણ ઓછું થઈ શકે તે માટે મોટી લાગત કરી ઈવેપોરેશન યુનિટો નાંખવામા આવ્યા છે, સંપૂર્ણપણે આ પ્રક્રિયા સફળ રહેવા પામશે જેને કારણે આપણાં માટે થોડે ઘણે અંશે રાહત ની વાત બનશે પર્યાવરણ વિભાગ દિવસે દિવસે ખુબ જ સતર્ક રહેવાના કારણે આપણે પણ એ દિશામાં ગંભીરતાથી જ વિચારવું પડે તેવી સ્થિતિ છે.

આગામી સીઝનમાં પણ આપણો લક્ષ્યાંક ૭૦,૦૦,૦૦૦ લીટર આલ્કોહોલ ઉત્પાદન કરવાનો છે.

સંસ્થાને કાયમી રીતે અર્થક્ષમ બની રહે તે માટે સૌએ પ્રમાણિક પણે સંસ્થા પ્રત્યેની વફાદારી કેળવવી પડશે, દિવસે દિવસે માહોલ એવો થતો જાય છે, ખેતીનું બિનખેતીમાં રૂપાંતર થવાનાં કારણે શેરડી વિસ્તાર ઘટતો જાય છે, તેની સામે કાર્યરત સુગર ફેક્ટરીને પર્યાપ્ત પુરવઠો ન મળવાનાં કારણે બિન તંદુરસ્ત હરિફાઈ થવા માંડી છે, ખેડૂતોને પણ ગમે એ પ્રકારની સ્થિતિ નિર્માણ થતી હોય શેરડીની જાત, તારીખ - વિસ્તાર આભાસી બતાવી તક મળે તેનો ઉપયોગ કરી સ્વહિતને પ્રાધાન્ય આપવું એ પ્રકારની સ્થિતિ બનતી જાય છે.

આ દુષણ આવનારા દિવસોમાં ગંભીર પરિણામો લાવશે, વર્ષોની તપશ્ચર્યાથી અબજોની મિલ્કતોનું અસ્તીત્વ જોખમાય તેવી સ્થિતિ ન બને તે જોવાની આપણાં સૌની ફરજ સમજુ છું. સંસ્થા પ્રત્યેનું ઉત્તરદાયિત્વ જો નિભાવવામાં નિષ્ફળ જઈએ તો સહકારી પ્રવૃત્તિઓનો છેદ ઉડી જશે.

આ ઉદ્યોગને જીવંત રાખવા માટે એક ખેડૂત તરીકે આપણાં કુટુંબની લાંબા સમય સુધી સ્થિરતા નિર્માણ કરવાની જયારે જવાબદારી હોય તેવા સમયે જાહેર જીવનના કેટલાક પ્રસ્થાપિત થયેલ સારા ગુણો આપણે પણ આપણામાં ઉતારીએ એજ સાચો ધર્મ હશે.

નિરાશા નથી પરંતુ સમયને ન ઓળખી શકીશું તો વિકરાળ પરિસ્થિતિમાં આપણને કોઈ બચાવી ન શકશે.

સૌના સહીયારા પ્રયાસથી આપણે સૌ આવતી કાલ ઉજજવળ બનાવીએ એજ મારી આપને અપીલ હોય શકે.

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

સહકારી સંસ્થાઓનું સહકારી કાયદાની કલમ ૮૪(૧) મુજબ ગુજરાત રાજ્ય સરકારે ઓડીટ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેનલમાંથી નિમણૂંક કરવાની હોય, આપણી સંસ્થા દ્વારા શ્રી મિતેશભાઈ મોદી એન્ડ કંું. સુરતની નિમણૂંકનો બોર્ડનો ઠરાવ સમય મર્યાદામાં મોકલી આપવામાં આવેલ છે.

**૨૦૧૪માં સંસ્થાની વ્યવસ્થાપક સદ્દસ્યોશ્રીની ચૂંટણી બાબતે :-**

આ બાબતે રાજ્ય સરકારશ્રી દ્વારા ચૂંટણી અંગેનો જે પરિપત્ર તા. ૦૬-૦૭-૨૦૧૧નો પાઠવેલ, તે મુજબ કલમ ૩(એ) (૮) હેઠળ મતદાર મંડળો અલગ બનાવવા તેમજ જે મતદાર મંડળનાં સભાસદો જે તે મતદાર મંડળના ઉમેદવારને જ મત આપી શકે તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ, ત્યારબાદ ભારત સરકારશ્રી બંધારણ (૯૭ સુધારો) અધિનિયમ-૨૦૧૧ થી સુધારો કરી બે મહિલા પ્રતિનિધિ તેમજ એક અનુસુચિતજાતિ/અનુસુચિત જનજાતિ માટે બેઠક ફરજીયાત રાખવાની જોગવાઈ કરી છે. આ સમગ્ર સુધારાઓને હાઈકોર્ટ-સુપ્રિમમાં પડકારવામાં આવેલ છે. સહકારી પ્રવૃત્તિનાં કોઈપણ સુધારા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા એવો નિર્ણય લેવામાં આવેલ છે. આ વિષય રાજ્ય સરકારશ્રીનો હોય, ભારત સરકારશ્રી દ્વારા આવા કોઈપણ પ્રકારનાં સુધારાઓ કરવાનો અધિકાર નથી. તે સાથે સાથે ગુજરાત સરકારશ્રી દ્વારા જે ૩(એ)(૮), ૩(એ)(૯) નો જે સુધારો કરવામાં આવ્યો, તેને સુપ્રિમમાં પડકારવાનાં કારણે સુપ્રિમ કોર્ટ દ્વારા સ્ટે(મનાઈ) હુકમ બજાવામાં આવેલ છે. આવી અતિ મુઝવણ ભરી સ્થિતિમાં તા. ૧૪-૧૦-૨૦૧૩ ના ગુજરાત રાજયનાં સહકારી વિભાગ દ્વારા કલેકટરશ્રીને એક પરિપત્ર જારી કરેલ છે. જેમાં આ સંબંધી પ્રક્રિયા હાઈકોર્ટ અને સુપ્રિમકોર્ટના નિર્ણયનાં અનુસંધાને ચૂંટણી યોજવાની કાર્યવાહી કરવી. એવો નિર્દેશ કરેલ છે.

આને કારણે આપણી સંસ્થા દ્વારા રાજ્ય સરકારશ્રીનો જે અંતિમ આદેશ આવે તે મુજબની ચૂંટણીઓની કાર્યવાહી કરવામાં આવશે, નિયમોનુસાર દરખાસ્ત સાદર સંબંધિત સક્ષમ અધિકારીશ્રીને રજુ કરવામાં આવશે.

**આભાર દર્શન :-**

આપ સૌ સભાસદો દ્વારા મને જે સહકાર મળતો રહ્યો તે માટે આપ સૌનો આભાર માનું છું. કામદાર-કર્મચારીઓનો પણ ખૂબજ સુંદર સહકાર મળેલ છે, તેમનો પણ આભાર માની કદર કરૂં છું.

સારાયે વર્ષ દરમ્યાન સહકારી ખાતાના મંત્રીશ્રી અને નાણાં વિભાગના મંત્રીશ્રી તેમજ અધિકારી સાહેબો તેમજ ખાંડ નિયામકશ્રી અને રજિસ્ટ્રારશ્રી (સુગર) સુરત પણ વખતોવખત સહાયરૂપ થયા તે બદલ આભાર માનું છું. આપણા કપરા સંજોગોમાં ધી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓ. બેંક લિ; એ પણ આપણી સંસ્થાના વિકાસમાં તેમની મર્યાદામાં રહી હરહંમેશ ત્વરીત અને સહકારી ભાવનાને અનુરૂપ થવા તત્પરતા દાખવી છે, તે બદલ એમનાં ઉપ-પ્રમુખશ્રી, ડીરેકટરશ્રીઓ, મેનેજીંગ ડીરેકટરશ્રી, મેનેજરશ્રી અને સ્ટાફનો પણ હાર્દિક આભાર માનું છું.

આ ઉપરાંત સંસ્થાના સ્પે. ઓડીટરશ્રી અને તેમનાં સ્ટાફ, ખેતી તથા સિંચાઈ ખાતા તેમજ જંગલ ખાતાનાં અધિકારીઓ, કલેકટરશ્રી, પ્રાંત ઓફિસરશ્રી, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, તાલુકા પંચાયતનાં વડાઓ, પોલીસ અધિકારીશ્રી, સુરાલી ગ્રામ પંચાયતનાં સરપંચશ્રી, તેમજ સદ્સ્યોશ્રી, નશાબંધી ખાતાના સ્થાનિક અધિકારીશ્રી, સેન્ટ્રલ એકસાઈઝ ખાતાના

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

અધિકારીશ્રી તથા અન્ય અધિકારીવર્ગ તરફથી વખતો વખત જે સાથ સહકાર મળતો રહ્યો છે તે બદલ તેમનો હું આભારી છું. જિલ્લા સહકારી બેંકો અને રાષ્ટ્રીયકૃત બેંકો, થાપણદારો વિગેરેએ સમયસર પુરતી નાણાંકિય સહાય અને થાપણ મૂકવા બદલ આભારની લાગણી વ્યકત કરૂં છું.

તેમજ આપણી સંસ્થાના ઉપ-પ્રમુખશ્રી સુરેશભાઈ પટેલ તથા સાથી ડિરેકટર મિત્રોશ્રીએ અવારનવાર કારખાનાની મુલાકાત લઈ ઊંડો રસ દાખવી સંઘ ભાવનાનું ઉમદા દ્રષ્ટાંત પુરૂં પાડયું છે અને ઉત્કૃષ્ટ સંઘભાવના (ટીમ સ્પીરીટ) નાં દર્શન કરાવ્યા છે, તે બદલ તેમનો પણ હું આભાર માનું છું.

સંસ્થાનાં મેનેજીંગ ડીરેકટરશ્રી તરીકેનો કાર્યભાર સંભાળનાર શ્રી એમ. એલ. રાઠોડ તથા ખાતાનાં અન્ય વડાઓ, સુપરવાઈઝરો, સ્ટાફનાં સભ્યો, અન્ય નાના-મોટા કર્મચારી-કામદારભાઈઓ કે જેમની જહેમત અને નિષ્ઠા વિના સંસ્થાની દરેક ક્ષેત્રની કામગીરી શકય ન બને, તે સૌને હું ધન્યવાદ આપું છું. નવસારી કૃષિ યુનિવર્સીટીનાં તજજ્ઞોએ જરૂર પડે ખેડૂતોને શેરડીની ખેતી અને રોગનાં પ્રતિકાર માટેનાં ઈલાજ સુચવી સલાહ અને માર્ગદર્શન આપ્યું છે તે બદલ તેમનો પણ આભાર માનું છું.

સીઝન ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન સીઝનનાં અંત સુધીમાં કાર્યક્ષમતા મુજબનો પુરવઠો ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત મોનીટરીંગ કરી સફળતાની સ્થિતિ ઉપલબ્ધ કરી તે માટે સી. પી. એમ. શ્રી હેમાંશુભાઈ જે. શાહ અને સી. ડી. એમ. શ્રી પ્રવિણભાઈ મિસ્ત્રી, શ્રી મહાદેવભાઈ વશી અને તેમના તમામ ખેતી વિભાગનાં સ્ટાફનો આભાર માનું છું. સાથે સાથે ગુજરાત રાજય ખાંડ ઉદ્યોગ સંઘના મેનેજીંગ ડાયરેકટરશ્રીએ સમય સુચક માર્ગદર્શન અને મદદ કરી છે તેમનો આભાર માનું છું.

અન્ય સહકારી સંસ્થાઓ, ખેડૂત સમાજ અને દક્ષિણ ગુજરાતની ખાંડ મંડળીઓએ જરૂર પડયે જે સાથ સહકાર આપ્યો છે તે બદલ તેમનો પણ આભાર માનું છું.

શ્રી મઢી વિભાગ ખેડૂત સંગઠન, મઢી દ્વારા શેરડી વાહતુકમાં રોકાયેલ ટ્રક અને ટ્રેકટર માલિકભાઈઓએ પણ તેમનાં કાર્યમાં ખૂબ કાળજી રાખી પિલાણ કાર્યમાં સહભાગી થયા છે તેમનો પણ હું આભાર માનું છું.

સુગર ફેકટરીનાં પ્રમુખ તરીકેની મારા કાર્યભારનાં સમય દરમ્યાન શકિત પ્રમાણે વ્યવસ્થાપક કમિટિનાં સભ્યોનાં સહયોગથી સેવા કરવાની આપ સૌએ જે ઉમદા તક આપી છે તે માટે આપ સૌનો અત્યંત આભારી છું. મારા સાથી સદ્સ્યોનો પણ આભાર માનું છું. આ સંસ્થાનાં તમામ શુભેચ્છકોનો આભાર માનું છું. તમામને આવનારા સને : ૨૦૧૪ ના વર્ષની હાર્દિક શુભકામના.

જય જવાન | જય કિશાન | જય સહકાર

લિ.
આપનો સહકારી
દિલીપભાઈ ભીખાભાઈ ભકત
પ્રમુખ.

# =:: ઓડિટ રીપોર્ટ ::=

અમો અત્રેની સંસ્થાના સ્પે. ઓડિટરશ્રીએ શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી. નાં તા. ૩૧-૦૩-૨૦૧૩ના રોજ પૂરા થતાં નાણાંકિય વર્ષના વાર્ષિક હિસાબો નું સહકારી કાયદાની જોગવાઈ અનુસાર સતત અને સમવાયી ધોરણે કરવાનું થતું વૈધાનિક ઓડિટ સંસ્થાના હોદ્દેદારો, અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા પુરી પાડેલ સદર ઓડિટ સંબંધે જરૂરી તમામ પ્રકારની માહિતીને આધિન પૂર્ણ કરી, આથી રીપોર્ટ કરીએ છીએ કે....

(અ) અમારા મતાનુસાર આ ઓડિટ સંબંધી અમને પૂરી પાડવામાં આવેલ હિસાબી તથા વહીવટી માહિતી તેમજ જરૂરી ખુલાસાઓ સંતોષકારક જણાયેલ છે.

(બ) સંસ્થાના તા. ૩૧-૩-૨૦૧૩ નાં રોજ પૂરા થતાં નાણાંકિય વર્ષના વાર્ષિક હિસાબો અમારી દ્રષ્ટિએ વાર્ષિક ઓડિટ અહેવાલને આધિન સંસ્થાની સાચી અને વાસ્તવિક પરિસ્થિતિ રજૂ કરે છે. તેમજ તા. ૩૧-૩-૨૦૧૩ નાં રોજ પૂરા થતાં વર્ષનો સાચો અને ખરો નફો દર્શાવે છે.

(ક) સંસ્થાએ ઓડિટ સંબંધી રાખેલ હિસાબી તેમજ વહીવટી દફતર સહકારી કાયદાની જરૂરિયાત અનુસાર યોગ્ય જણાયેલ છે.

મઢી.

તારીખ : ૨૧-૧૦-૨૦૧૩

સી. એમ. ભાભોર
સ્પેશ્યલ ઓડીટર સ. મં. (સુગર) વર્ગ-૧
મઢી.

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

## તા. ૩૧મી માર્ચ ૨૦૧૩ ના રોજ પુરા થતાં

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૩,૪૨,૯૭,૧૬,૩૬૪ | શેરડીનાં ચુકવ્યાં :- **મે. ટન. ૧૦,૨૦,૪૯૩.૬૧૦** | ૩,૧૫,૯૬,૮૪,૭૧૨ |
| ૬,૮૭,૭૯,૬૩૩ | શેરડી ખરીદ વેરો :- | ૬,૩૫,૯૫,૬૯૦ |
| ૪૦,૦૧,૨૦,૭૭૭ | ઉત્પાદન ખર્ચ :- **પરિશિષ્ટ નં : ૧ મુજબ બળતણ, કેમીકલ, પેકીંગ, મજુરી, પગાર, મશીનરી રીપેર્સ વિગેરે.** | ૩૯,૦૫,૨૪,૬૬૦ |
| ૧૬,૨૮,૫૩,૦૯૦ | વહીવટી ખર્ચ :- **પરિશિષ્ટ નં. ૨ મુજબ** | ૧૬,૫૫,૬૬,૬૬૨ |
| ૫,૦૦,૦૦,૦૦૦ | ઘસારા ખર્ચ :- | ૫,૦૦,૦૦,૦૦૦ |
| ૧૪,૯૫,૨૭૨ | ચોખ્ખો નફો :- | ૫,૬૨,૬૪૭ |
| ૪,૧૧,૨૯,૬૫,૧૩૬ | **કુલ સરવાળો** | ૩,૮૨,૯૯,૩૪,૩૭૧ |

**નોંધ :-** પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.

**અમારા ઓડીટમેમોનાં શેરાને આધિન રહીને તપાસ્યું અને બરાબર છે.**

**સી. એમ. ભાભોર**
**સ્પેશ્યલ ઓડીટર સ. મં. (સુગર)**
**મઢી.**

**એન. ટી. શાહ**
**ડે. ચીફ એકાઉન્ટન્ટ**

સ્થળ :- મઢી.
તા. ૨૧-૧૦-૨૦૧૩

# સહકારી મંડળી લિ; મઢી.

## વર્ષનું ઉત્પાદન–વેપાર તથા નફા–નુકશાન ખાતું (સુગર યુનિટ)

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૩,૬૪,૨૨,૪૩,૧૧૪ | ખાંડ વેચાણ :- **પરિશિષ્ટ નં. – ૩ મુજબ** | ૩,૩૯,૭૪,૪૭,૮૬૫ |
| ૨૭,૦૪,૮૩,૮૯૫ | મોલાસીસ વેચાણ :- **પરિશિષ્ટ નં. – ૪ મુજબ** | ૨૫,૦૫,૫૯,૯૦૦ |
| ૪,૯૧,૮૭૪ | પ્રેસમડ વેચાણ :- | ૩,૮૦,૧૧૬ |
| ૪,૬૩,૬૭,૯૪૩ | બગાસ વેચાણ :- **પરિશિષ્ટ નં. ૫ મુજબ** | ૭,૮૯,૮૭,૯૯૪ |
| ૧,૩૪,૭૪,૦૩૭ | વ્યાજ આવક :- **ડીવીડન્ડ તથા ધીરાણ ઉપરનું વ્યાજ, ગ્રાહકો પાસેનું વ્યાજ અને કોલ ડીપોઝીટ ઉપરનું વ્યાજ** | ૧,૪૧,૦૯,૪૨૪ |
| ૧૨,૧૬,૯૯,૯૬૩ | ડીસ્ટીલરી કમ ઈથેનોલ વિભાગનો નફો :- | ૭,૨૧,૯૩,૪૦૧ |
| -- | વાહન વેચાણ નફો | ૧,૦૩,૩૩૫ |
| ૧,૮૨,૦૪,૩૧૦ | અન્ય આવક :- **પરિશિષ્ટ નં. ૬ મુજબ** | ૧,૬૧,૫૨,૩૩૬ |
| **૪,૧૧,૨૯,૬૫,૧૩૬** | **કુલ સરવાળો** | **૩,૮૨,૯૯,૩૪,૩૭૧** |



**એમ. એલ. રાઠોડ**
**મેનેજીંગ ડાયરેક્ટર**

**સુરેશભાઇ જે. પટેલ**
**ઉપ–પ્રમુખ**

**દીલીપભાઇ બી. ભકત**
**પ્રમુખ**

## શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

### તા. ૩૧મી માર્ચ ૨૦૧૩ ના

| ગયા વર્ષના આંકડા | પુંજી તથા દેવું | રૂપિયા |
|---|---|---|
| ૧૦,૦૦,૦૦,૦૦૦ | સત્તાવાર શેર કેપીટલ<br>**રૂા. ૨,૦૦૦ ના એક એવા ૫૦,૦૦૦ શેર** | ૧૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૦,૦૦,૦૦,૦૦૦ | ભરપાઈ થવા કાઢેલ શેર કેપીટલ<br>**રૂા. ૨,૦૦૦ ના એક એવા ૫૦,૦૦૦ શેર** | ૧૦,૦૦,૦૦,૦૦૦ |
| ૭,૮૨,૨૪,૭૮૩ | ભરપાઈ થયેલ શેર કેપીટલ<br>**શેર સંખ્યા ૪૧,૪૦૩**<br>**સભાસદ સંખ્યા ૧૭,૮૭૪**<br>**ચાલુ વર્ષનો વધારો ૧૫૮**<br>**કુલ સભાસદ સંખ્યા ૧૮,૦૩૨** | ૭,૮૪,૩૨,૧૨૩ |
| ૭૨,૯૩,૫૨,૪૮૯ | રિઝર્વફંડ તથા ઘસારા ફંડો તથા અન્ય ફંડો :-<br>**પરિશિષ્ટ નં. ૭ મુજબ** | ૭૭,૮૫,૬૩,૫૧૭ |
| ૫૧,૩૩,૩૬,૫૯૫ | સભાસદ થાપણો :- **પરિશિષ્ટ નં. ૮ મુજબ** | ૪૨,૦૫,૮૪,૦૯૫ |
| ૨૭,૯૧,૪૪,૩૮૩ | બેંક ઓવર ડ્રાફ્ટ તથા લોન :-<br>ધી સુરત ડિ. કો. ઓ. બેંક લી; મઢી શાખા<br>**ખાંડ માલ તારણ સામે ૫૨,૧૦,૩૯,૩૧૪**<br>**ગોડાઉન લોન ૯૩,૬૦,૦૯૪**<br>**હાર્વેસ્ટીંગ મશીન લોન ૧,૨૭,૭૫,૭૭૦**<br>**ટર્મ લોન ૯,૩૦,૪૭,૧૭૬**<br><br>**ક્રોપ લોન :-**<br>**ડ્રીપ ઈરીગેશન લોન ૧૮,૦૨,૯૬૬**<br>**અન્ય ખેડૂત સી. ૧૨-૧૩ ૪,૮૧,૭૬,૨૫૮**<br>**અન્ય ખેડૂત સી. ૧૩-૧૪ ૪,૧૩,૧૬,૫૨૩** | ૭૨,૭૫,૧૮,૧૦૧ |
| ૧,૯૬,૧૭,૭૪,૬૭૭ | **શેરડી અંગેના દેવા (સભાસદો) :-** | ૨,૪૦,૩૩,૮૧,૯૪૦ |
| ૨૯,૨૮,૯૩,૯૮૮ | **ખર્ચ તથા માલ ખરીદી અંગેના દેવા :-** | ૨૯,૭૭,૦૨,૩૮૩ |
| ૨૧,૭૭,૧૮,૮૦૦ | **સભાસદ શેરડી હિસાબનાં જમા :-** | ૧૯,૬૧,૪૯,૮૦૦ |
| ૪,૦૭,૨૪,૪૫,૭૧૫ | કુલ સરવાળો | ૪,૯૦,૨૩,૩૧,૯૫૯ |

**નોંધ :-** પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.

**અમારા ઓડીટમેમોનાં શેરાને આધિન રહીને તપાસ્યું અને બરાબર છે.**

સ્થળ :- મઢી.
તા. ૨૧-૧૦-૨૦૧૩

આી. એમ. ભાભોર
સ્પેશ્યલ ઓડીટર સ. મં. (સુગર)
મઢી.

એન. ટી. શાહ
ડે. ચીફ એકાઉન્ટન્ટ

## સહકારી મંડળી લિ; મઢી.
### રોજનું સરવૈયું (સુગર યુનિટ)

| ગયા વર્ષના આંકડા | મિલ્કત તથા લેણું | | રૂપિયા |
|---|---|---|---|
| ૧,૨૮,૫૫,૮૫,૫૨૬ | સ્થાયી મિલ્કત (મુળ કિંમતે) :-<br>**પરિશિષ્ટ નં. -૯ મુજબ** | | ૧,૩૫,૩૮,૬૦,૯૮૮ |
| ૩,૪૪,૨૬,૦૭૭ | ઈન્વેસ્ટમેન્ટ (ખરીદ કિંમતે) :-<br>**પરિશિષ્ટ નં. -૧૦ મુજબ** | | ૩,૪૪,૨૬,૦૭૭ |
| ૨,૧૭,૮૬,૨૩,૪૩૮ | ચલણી મિલ્કત :-<br>**પરિશિષ્ટ નં. -૧૧ મુજબ** | | ૨,૫૭,૧૧,૨૧,૫૪૧ |
| ૨૬,૧૯,૧૬,૮૯૨ | લોન તથા એડવાન્સીસ<br>**સભાસદોને ખાતર** | | ૬૫,૦૫,૨૩,૨૩૮ |
| | **ધિરાણ :** | ૬,૩૩,૩૮,૯૨૭ | |
| | **ખર્ચ અંગેના બાકી લેણા તથા એડવાન્સ** | ૫૮,૭૧,૮૪,૩૧૧ | |
| ૭,૧૫,૪૨,૫૪૪ | ડીપોઝીટ :-<br>**ધી સુરત ડી. કો. ઓ. બેંક લિ; તથા અન્ય** | | ૬,૩૩,૩૦૦ |
| ૧૬,૦૮,૨૮,૧૬૧ | શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી. **(ડિસ્ટીલરી કમ ઈથેનોલ યુનિટ) :-** | | ૨૩,૦૨,૦૭,૧૭૭ |
| ૬,૬૭,૪૭,૭૬૯ | રોકડ તથા બેંક પુરાંત :- | | ૪,૯૩,૪૬,૯૭૭ |
| | **બેંકના કરંટ ખાતાઓ** | ૩,૦૬,૦૦,૭૮૬ | |
| | **રોકડ સિલક હાથ પર** | ૧,૮૭,૪૬,૧૯૧ | |
| ૧,૨૭,૭૫,૩૦૮ | નફા-નુકશાન ખાતુ :- | | ૧,૨૨,૧૨,૬૬૧ |
| | **પાછલી ખોટ** | ૧,૨૭,૭૫,૩૦૮ | |
| | **બાદ : ચાલુ વર્ષનો નફો** | ૫,૬૨,૬૪૭ | |
| **૪,૦૭,૨૪,૪૫,૭૧૫** | **કુલ સરવાળો** | | **૪,૯૦,૨૩,૩૧,૯૫૯** |

| | | |
|---|---|---|
| **એમ. એલ. રાઠોડ**<br>મેનેજીંગ ડાયરેક્ટર | **સુરેશભાઈ જે. પટેલ**<br>ઉપ-પ્રમુખ | **દીલીપભાઈ બી. ભક્ત**<br>પ્રમુખ |

## પરિશિષ્ટ - ૧

(સુગર યુનિટ)

| ઉત્પાદન ખર્ચ | તા. ૩૧-૦૩-૨૦૧૨ | તા. ૩૧-૦૩-૨૦૧૩ |
|---|---|---|
| સરપણ બળતણ ખર્ચ | ૧૯,૦૬,૦૨૭ | ૨૭,૮૧,૬૯૧ |
| લુબ્રીકન્ટસ ખર્ચ | ૯૦,૧૮,૭૭૪ | ૧,૦૪,૩૬,૬૭૮ |
| કેમીકલ ખર્ચ | ૪,૭૮,૧૫,૦૭૧ | ૩,૮૨,૫૭,૯૬૮ |
| પેકીંગ ખર્ચ | ૬,૬૨,૪૨,૫૬૬ | ૬,૨૭,૧૩,૨૫૫ |
| ઈલેક્ટ્રીક ખર્ચ | ૧,૨૭,૮૫,૦૮૯ | ૧,૩૨,૨૬,૫૮૩ |
| રીપેર્સ એન્ડ મેઈન્ટેનન્સ પ્લાન્ટ મશીનરી ખર્ચ | ૮,૩૫,૩૭,૧૦૩ | ૮,૨૮,૩૯,૫૨૮ |
| પગાર તથા મજુરી ખર્ચ | ૧૭,૮૮,૧૬,૧૪૭ | ૧૮,૦૨,૬૮,૯૫૭ |
| કુલ સરવાળો | ૪૦,૦૧,૨૦,૭૭૭ | ૩૯,૦૫,૨૪,૬૬૦ |

## પરિશિષ્ટ - ૨

| વહીવટી ખર્ચ | તા. ૩૧-૦૩-૨૦૧૨ | તા. ૩૧-૦૩-૨૦૧૩ |
|---|---|---|
| પગાર ખર્ચ | ૪,૦૩,૮૮,૧૨૪ | ૪,૧૫,૨૦,૪૦૦ |
| રેઈટસ એન્ડ ટેક્ષીસ | ૨૮,૭૧,૪૦૭ | ૩૩,૬૫,૬૧૬ |
| વોટર શેષ | ૧૮,૧૨,૯૩૯ | ૧૫,૪૧,૫૧૬ |
| વિમા ખર્ચ | ૫૭,૭૭,૫૯૪ | ૪૫,૫૪,૬૮૦ |
| વ્યાજ ખર્ચ | ૮,૯૦,૪૬,૨૨૨ | ૯,૦૦,૫૭,૬૫૯ |
| તાર-ટપાલ ટેલીફોન ખર્ચ | ૩,૨૮,૧૭૯ | ૩,૦૯,૪૨૧ |
| પ્રિન્ટીંગ એન્ડ સ્ટેશનરી ખર્ચ | ૧૩,૦૮,૬૦૪ | ૧૨,૩૬,૨૬૫ |
| મુસાફરી ખર્ચ | ૪,૫૧,૬૦૮ | ૩,૯૫,૪૫૭ |
| પ્રોફેશનલ ટેક્ષ | ૨,૪૦૦ | -- |
| ઓડિટ ફી | ૧૩,૭૯,૨૧૩ | ૧૧,૪૬,૩૦૮ |
| વાહન ખર્ચ | ૩૫,૧૨,૨૭૬ | ૪૧,૭૬,૮૨૬ |
| જનરલ મીટીંગ ખર્ચ | ૪,૩૯,૭૫૭ | ૪,૧૫,૩૦૦ |
| બાંધકામ ફર્નીચર ખર્ચ | ૪૩,૮૧,૫૪૪ | ૨૮,૮૬,૨૦૮ |
| બાગ બગીચા ખર્ચ | ૧,૩૪,૬૭૫ | ૨,૦૭,૦૭૫ |
| ઔષધ ખર્ચ | ૨૪,૫૧,૭૬૮ | ૩૪,૭૪,૦૨૩ |
| ચુંટણી ખર્ચ ખાતુ | ૫,૮૮,૭૫૧ | -- |
| અન્ય ખર્ચ પરિશિષ્ટ ૧૨ મુજબ | ૭૯,૭૮,૦૨૯ | ૧,૦૨,૭૯,૯૦૮ |
| કુલ સરવાળો | ૧૬,૨૮,૫૩,૦૯૦ | ૧૬,૫૫,૬૬,૬૬૨ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## પરિશિષ્ટ - ૩

(સુગર યુનિટ)

| ખાંડ વેચાણ | રૂપિયા |
|---|---|
| ખાંડ વેચાણ | ૩,૧૧,૯૬,૨૩,૧૮૨ |
| બાદ : એક્સાઈઝ ડયુટી | ૬,૮૫,૯૪,૬૬૫ |
| | ૩,૦૫,૧૦,૨૮,૫૧૭ |
| બાદ : શિક્ષણ શેષ | ૨૦,૫૭,૮૩૮ |
| | ૩,૦૪,૮૯,૭૦,૬૭૯ |
| બાદ : સુગર શેષ | ૨,૪૨,૪૨,૫૨૦ |
| | ૩,૦૨,૪૭,૨૮,૧૫૯ |
| ઉમેરો : ખાંડ ભાવ તફાવત | ૯૦,૩૧૦ |
| | ૩,૦૨,૪૮,૧૮,૪૬૯ |
| ઉમેરો : એક્ષપોર્ટ લાઈસન્સ આવક | ૧,૭૦,૭૭,૫૦૦ |
| | ૩,૦૪,૧૮,૯૫,૯૬૯ |
| બાદ : ફોરવર્ડીંગ ખર્ચ | ૪૯,૨૫,૦૯૬ |
| | ૩,૦૩,૬૯,૭૦,૮૭૩ |
| બાદ : ખાંડ કમીશન ખર્ચ | ૨૮,૩૯,૯૮૧ |
| | ૩,૦૩,૪૧,૩૦,૮૯૨ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૩ નો છેવટનો સ્ટોક | ૨,૩૭,૭૩,૪૬,૧૨૫ |
| | ૫,૪૧,૧૪,૭૭,૦૧૭ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૨ નો શરૂઆતનો સ્ટોક | ૨,૦૧,૪૦,૨૯,૧૫૨ |
| કુલ સરવાળો | ૩,૩૯,૭૪,૪૭,૬૮૫ |

## પરિશિષ્ટ - ૪

| મોલાસીસ વેચાણ | રૂપિયા |
|---|---|
| મોલાસીસ વેચાણ | ૨૨,૦૧,૦૭,૦૬૬ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૩ નો છેવટનો સ્ટોક | ૧૦,૪૪,૬૧,૬૦૪ |
| | ૩૨,૪૫,૬૮,૬૭૦ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૨ નો શરૂઆતનો સ્ટોક | ૭,૪૦,૦૮,૭૭૦ |
| કુલ સરવાળો | ૨૫,૦૫,૫૯,૯૦૦ |

## પરિશિષ્ટ - ૫

| બગાસ વેચાણ | રૂપિયા |
|---|---|
| બગાસ વેચાણ | ૮,૩૦,૬૭,૫૬૪ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૩ નો છેવટનો સ્ટોક | ૫૦,૬૦,૦૦૦ |
| | ૮,૮૧,૨૭,૫૬૪ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૨ નો શરૂઆતનો સ્ટોક | ૪૦,૦૦,૦૦૦ |
| | ૮,૪૧,૨૭,૫૬૪ |
| બાદ : બગાસ બેગીંગ ખર્ચ | ૫૧,૩૯,૫૭૦ |
| કુલ સરવાળો | ૭,૮૯,૮૭,૯૯૪ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## પરિશિષ્ટ - ૬ (સુગર યુનિટ)

| અન્ય આવક | રૂપિયા |
|---|---|
| પરચુરણ આવક | ૧,૭૦,૧૬૬ |
| મકાન ભાડા | ૩૫,૧૩૫ |
| ખાતા ઉતારા ફી | ૨૨,૬૭૦ |
| વિમા કલેઈમ | ૩,૧૦,૬૨૯ |
| સેન્ટ્રલ એકસાઈઝ સેનવેટ સ્કીમ | ૪૭,૨૧,૮૫૯ |
| કંપોષ્ટ ખાતર વેચાણ | ૭૧,૦૦,૯૮૯ |
| ભાડા આવક | ૮૯,૫૦૦ |
| ટ્રક તોલાઈ | ૨,૨૩,૦૫૦ |
| સ્ટોર આવક | ૧૯,૪૩,૯૮૯ |
| ફેકટરી ફાર્મ આવક (સી. ૨૦૧૧-૧૨) | ૩,૯૪,૬૬૫ |
| ડીઝલ ઓઈલ પંપ આવક | ૫,૨૮,૮૬૯ |
| વેટ રીફંડ | ૬,૧૦,૮૧૫ |
| કુલ સરવાળો | ૧,૬૧,૫૨,૩૩૬ |

## પરિશિષ્ટ - ૭

| રિઝર્વ ફંડ તથા અન્ય ફંડો | તા. ૧-૪-૨૦૧૨નાં રોજ કુલ કિંમત | વર્ષ દરમ્યાન વધારો | વર્ષ દરમ્યાન ઘટાડો | તા. ૩૧-૩-૨૦૧૩નાં રોજ કુલ કિંમત |
|---|---|---|---|---|
| રિઝર્વ ફંડ | ૧,૪૪,૮૭,૪૫૫ | ૩૬,૪૧૮ | -- | ૧,૪૫,૨૩,૮૭૩ |
| ઘસારા ફંડ | ૭૧,૦૯,૦૬,૦૨૭ | ૫,૦૦,૦૦,૦૦૦ | ૮,૨૫,૩૯૦ | ૭૬,૦૦,૮૦,૬૩૭ |
| મોલાસીસ ટેન્ક રિઝર્વ | ૨૪,૪૩,૪૧૪ | -- | -- | ૨૪,૪૩,૪૧૪ |
| કન્ટીજન્સી અનામત | ૧૪,૭૭,૨૫૫ | -- | -- | ૧૪,૭૭,૨૫૫ |
| શકમંદ લેણાં ફંડ | ૩૮,૩૩૮ | -- | -- | ૩૮,૩૩૮ |
| કુલ સરવાળો | ૭૨,૯૩,૫૨,૪૮૯ | ૫,૦૦,૩૬,૪૧૮ | ૮,૨૫,૩૯૦ | ૭૭,૮૫,૬૩,૫૧૭ |

## પરિશિષ્ટ - ૮

| સભાસદ થાપણ (તારણ વિનાની) | રૂપિયા |
|---|---|
| સભાસદ થાપણ | ૩૦,૨૩,૧૮,૫૦૦ |
| સભાસદ વિકાસ થાપણ | ૧૧,૪૮,૦૪,૮૯૫ |
| બાંધી મુદત થાપણ | ૩૪,૬૦,૭૦૦ |
| કુલ સરવાળો | ૪૨,૦૫,૮૪,૦૯૫ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## પરિશિષ્ટ - ૯ (સુગર યુનિટ)

| સ્થાયી મિલ્કત | તા. ૧-૪-૨૦૧૨નાં રોજ કુલ કિમંત | વર્ષ દરમ્યાન વધારો | વર્ષ દરમ્યાન ઘટાડો | તા. ૩૧-૩-૨૦૧૩નાં રોજ કુલ કિમંત |
|---|---|---|---|---|
| જમીન | ૨,૯૮,૭૦૪ | -- | -- | ૨,૯૮,૭૦૪ |
| બાંધકામ | ૧૪,૯૫,૪૮,૩૯૨ | ૯૩,૨૪,૧૭૦ | -- | ૧૫,૮૮,૭૨,૫૬૨ |
| સુગર પ્લાન્ટ મશીનરી | ૧,૦૧,૮૭,૧૧,૫૪૫ | ૬,૧૪,૪૮,૬૦૮ | -- | ૧,૦૮,૦૧,૬૦,૧૫૩ |
| વોટર વર્કસ | ૨૪,૭૦,૭૧૬ | -- | -- | ૨૪,૭૦,૭૧૬ |
| એન્જી. મશીનરી | ૨,૩૩,૦૧૪ | -- | -- | ૨,૩૩,૦૧૪ |
| વર્કશોપ મશીનરી | ૬૭,૦૭,૦૮૧ | -- | -- | ૬૭,૦૭,૦૮૧ |
| વે બ્રીજીસ એન્ડ સ્કેલ | ૧૮,૫૪,૬૨૬ | -- | -- | ૧૮,૫૪,૬૨૬ |
| ઈલેકટ્રીક ઈન્સ્ટોલેશન | ૩,૯૯,૨૦,૬૦૩ | ૧,૭૬,૭૫૨ | -- | ૪,૦૦,૯૭,૩૫૫ |
| લાયબ્રેરી | ૧,૪૦,૧૨૬ | -- | -- | ૧,૪૦,૧૨૬ |
| ટ્રક-ટ્રેકટર | ૫૧,૩૩,૦૯૪ | -- | -- | ૫૧,૩૩,૦૯૪ |
| કાર-જીપ | ૬૬,૫૯,૬૨૦ | ૧૦,૦૫,૦૦૦ | ૮,૨૭,૦૫૫ | ૬૮,૩૭,૫૬૫ |
| ડેડ-સ્ટોક | ૫,૧૦,૨૦૮ | -- | -- | ૫,૧૦,૨૦૮ |
| ફર્નીચર | ૪૧,૯૬,૪૫૬ | ૫,૧૦૦ | -- | ૪૨,૦૧,૫૫૬ |
| ઓફિસ ઈકવીપમેન્ટ | ૩૦,૨૪,૬૮૬ | -- | -- | ૩૦,૨૪,૬૮૬ |
| ડીસ્પેન્સરી | ૧૩,૩૦૫ | -- | -- | ૧૩,૩૦૫ |
| ટ્રેઈલર એન્ડ કાર્ટ | ૮૯,૨૭,૯૭૧ | -- | ૨૧,૪૫,૦૦૦ | ૬૭,૮૨,૯૭૧ |
| હોટ વોટર ટ્રીટમેન્ટ | ૩,૭૫,૪૬૩ | -- | -- | ૩,૭૫,૪૬૩ |
| વાયરલેસ ખાતુ | ૬,૨૨,૭૫૯ | -- | -- | ૬,૨૨,૭૫૯ |
| બાયો કંપોષ્ટ લેબો. | ૩૪,૮૯,૩૧૩ | -- | -- | ૩૪,૮૯,૩૧૩ |
| ટીસ્યુ લેબ | ૭,૨૭,૪૯૪ | -- | -- | ૭,૨૭,૪૯૪ |
| લેબ ઈકવીપમેન્ટ | ૧,૯૧,૭૫૬ | ૮૫,૮૫૩ | -- | ૨,૭૭,૬૦૯ |
| સોઈલ લેબ | ૩૬,૩૭,૮૪૦ | ૩,૭૧,૪૨૬ | ૪૦,૦૦,૦૦૦ | ૯,૨૬૬ |
| હાર્વેસ્ટર મશીન | ૧,૫૨,૯૪,૯૬૭ | -- | -- | ૧,૫૨,૯૪,૯૬૭ |
| ઈ.ટી. પ્લાન્ટ | ૧,૨૮,૯૫,૭૮૭ | ૨૬,૩૨,૬૦૮ | -- | ૧,૫૫,૨૮,૩૯૫ |
| સુગર કેઈન પ્લાન્ટર | -- | ૩,૭૮,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | ૧,૯૮,૦૦૦ |
| કુલ સરવાળો | ૧,૨૮,૫૫,૮૫,૫૨૬ | ૭,૫૪,૨૭,૫૧૭ | ૭૧,૫૨,૦૫૫ | ૧,૩૫,૩૮,૬૦,૯૮૮ |

## પરિશિષ્ટ - ૧૦

| ઈન્વેસ્ટમેન્ટ | રૂપિયા |
|---|---|
| નેશનલ હેવી એન્જીનીયરીંગ કો.ઓપ.સો. લિ; ન્યુ-દિલ્હી | ૩,૦૦,૦૦૦ |
| ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક લિ; અમદાવાદ | ૫,૦૦૦ |
| ઈન્ડીયન ફાર્મસ ફર્ટીલાઈઝર કો. ઓપ. લિ; દિલ્હી | ૧,૯૩,૮૦૦ |
| ધી સુરત ડી. કો. ઓપ. બેંક લિ; સુરત | ૬,૧૨,૫૦૦ |
| ધી સુરત જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ; સુરત | ૫૦૦ |
| ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. માર્કેટીંગ ફેડરેશન સોસાયટી લિ; અમદાવાદ | ૧૨,૦૦૦ |
| નેશનલ કો. ઓ. માર્કેટ ફેડરેશન લી-દિલ્હી નાફેડ | ૯૬,૦૦૦ |
| કૃષક ભારતી કો. ઓપરેટીવ લિ; | ૧,૦૦,૦૦૦ |
| ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઈઝર કંપની લિ; અમદાવાદ | ૪૭,૭૭૭ |
| ગુજરાત કો. ઓ. પેડી ડાંગર ગ્રોઅર્સ ફેડરેશન લિ; અમદાવાદ | ૫૧,૦૦૦ |
| પોસ્ટ ઓફિસ મઢી. | ૧,૦૦૦ |
| ગોદાવરી ફર્ટીલાઈઝર એન્ડ કેમીકલ લિ; | ૫,૦૦૦ |
| નેશનલ સેવિંગ્સ સર્ટીફિકેટ | ૧,૫૦૦ |
| કોપર કો. ઓ. સુગર લિ; દાદરીયા | ૩,૩૦,૦૦,૦૦૦ |
| કુલ સરવાળો | ૩,૪૪,૨૬,૦૭૭ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## પરિશિષ્ટ - ૧૧ (સુગર યુનિટ)

| ચલણી મિલ્કત | તા. ૩૧-૦૩-૨૦૧૨ | તા. ૩૧-૦૩-૨૦૧૩ |
|---|---|---|
| સ્પેર્સ | ૪,૭૩,૯૯,૦૯૩ | ૪,૦૬,૪૧,૬૯૧ |
| સ્ટોર્સ (મશીનરી) | ૩,૫૬,૭૦,૮૦૧ | ૩,૮૭,૪૭,૫૪૪ |
| ટુલ્સ એન્ડ ઈકવીપમેન્ટ | ૧૦,૬૮,૬૭૪ | ૧૧,૭૯,૯૪૫ |
| મેનેજીંગ ડીરેકટરશ્રીએ પ્રમાણિત કરેલી યાદી મુજબ | | |
| ખાંડ સ્ટોક | ૨,૦૧,૪૦,૨૯,૧૫૨ | ૨,૩૭,૭૩,૪૬,૧૨૫ |
| મોલાસીસ સ્ટોક | ૭,૪૦,૦૮,૭૭૦ | ૧૦,૪૪,૬૧,૬૦૪ |
| બાયો કંપોસ્ટ એનરીચ સ્ટોક | ૪,૩૮,૭૫૦ | ૧૫,૧૧,૩૭૫ |
| બગાસ સ્ટોક | ૪૦,૦૦,૦૦૦ | ૫૦,૬૦,૦૦૦ |
| ડિઝલ સ્ટોક | ૨૦,૦૮,૧૯૮ | ૨૧,૭૩,૨૫૭ |
| કુલ સરવાળો | ૨,૧૭,૮૬,૨૩,૪૩૮ | ૨,૫૭,૧૧,૨૧,૫૪૧ |

## પરિશિષ્ટ - ૧૨

| અન્ય ખર્ચ | રૂપિયા |
|---|---|
| વાયરલેસ ખર્ચ | ૪૧,૦૫૦ |
| મેમ્બરશીપ ફીઝ | ૨૪,૮૪,૩૨૦ |
| જાહેરાત ખર્ચ | ૩,૮૮,૯૦૯ |
| ગેસ્ટ હાઉસ ખર્ચ | ૨,૬૫,૭૭૭ |
| બેંક ચાર્જીસ ખર્ચ | ૫૨,૧૯૪ |
| લીગલ ચાર્જીસ | ૧,૦૦,૦૦૦ |
| શેરડી વિકાસ ખર્ચ | ૨૨,૮૬,૮૬૬ |
| શેરડી ઈનામ | ૫,૪૨૭ |
| પેપર એન્ડ સામાયિક | ૧૨,૨૭૯ |
| કોમ્પ્યુટર ખર્ચ | ૩,૨૨,૮૦૦ |
| પરચુરણ ખર્ચ | ૨૨,૯૭,૪૫૫ |
| સોઈલ લેબ ખર્ચ | ૭૪,૦૫૯ |
| જે.સી.બી. ખર્ચ | ૮૭,૯૦૬ |
| સર્વિસ ટેક્ષ | ૧,૩૪,૩૪૫ |
| કન્સલ્ટીંગ ફી | ૧૭,૨૬,૫૨૧ |
| કુલ સરવાળો | ૧,૦૨,૭૯,૯૦૮ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## પરિશિષ્ટ - ૧

(ડિસ્ટીલરી યુનિટ)

| મોલાસીસ ખરીદી | રૂપિયા |
|---|---|
| શરૂઆતનો સ્ટોક (તા. ૦૧-૦૪-૨૦૧૨) | -- |
| ઉમેરો : ખરીદી | ૧૨,૯૨,૫૫,૦૦૦ |
| બાદ : છેવટનો સ્ટોક (તા. ૩૧-૦૩-૨૦૧૩) | ૩૧,૦૯,૬૦૦ |
| કુલ સરવાળો | ૧૨,૬૧,૪૫,૪૦૦ |

## પરિશિષ્ટ - ૨

| રેકટીફાઈડ સ્પીરીટ વેચાણ | રૂપિયા |
|---|---|
| રેકટીફાઈડ સ્પીરીટ વેચાણ | ૨૨,૩૮,૩૪,૭૯૭ |
| બાદ : કમીશન ખર્ચ | ૧,૪૩,૮૦,૭૧૮ |
| | ૨૦,૯૪,૫૪,૦૭૯ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૩ નો છેવટનો સ્ટોક | ૧૨,૨૪,૯૦,૧૯૮ |
| | ૩૩,૧૯,૪૪,૨૭૭ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૨ નો શરૂઆતનો સ્ટોક | ૯,૭૪,૪૦,૮૯૬ |
| કુલ સરવાળો | ૨૩,૪૫,૦૩,૩૮૧ |



# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

## ડીસ્ટીલરી ક્રમ

### તા. ૩૧મી માર્ચ ૨૦૧૩ ના રોજ પુરા થતાં

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૧૩,૪૦,૪૩,૦૦૦ | મોલાસીસ ખરીદ (પરિશિષ્ટ – ૧ મુજબ) | ૧૨,૬૧,૪૫,૪૦૦ |
| ૧૫,૫૬,૬૬૯ | રીપેર્સ એન્ડ મેઈન્ટેનન્સ ડીસ્ટીલરી પ્લાન્ટ | ૨૮,૨૭,૯૨૫ |
| ૭,૧૦૬ | પરચુરણ ખર્ચ | ૧૯,૧૮૮ |
| ૫,૩૬,૦૯૬ | મજુરી ખર્ચ | ૫,૪૮,૭૭૭ |
| ૧,૧૩,૬૨૬ | કામદાર કર્મચારી ઓવર ટાઈમ | ૨,૩૨,૫૫૩ |
| ૭,૦૨,૧૧૨ | ટ્રાન્સપોર્ટ ચાર્જીસ | ૨,૦૯,૫૪૩ |
| ૩,૬૦,૧૮૯ | રેઈટ એન્ડ ટેક્ષીસ | ૨,૩૫,૬૮૫ |
| ૧,૨૨,૨૧૬ | લેબોરેટરી ખર્ચ | ૨૧,૯૨૦ |
| ૧,૬૩,૮૦૦ | બાયો ફર્ટીલાઈઝર ખર્ચ | ૭,૬૮૦ |
| ૪૯,૮૬,૩૨૯ | પગાર ખર્ચ | ૫૬,૬૫,૩૮૪ |
| ૧૦,૨૯,૫૦૪ | વ્યાજ ખર્ચ | ૬,૪૧,૫૩૫ |
| ૧,૩૦,૧૫,૧૧૩ | કેમીકલ ખર્ચ | ૧,૦૪,૪૦,૯૯૫ |
| ૭,૬૩૦ | પ્રિન્ટીંગ એન્ડ સ્ટેશનરી ખર્ચ | ૧,૦૦,૩૫૯ |
| ૧૯,૪૪,૫૮૯ | સ્પેન્ટવોશ નિકાલ ખર્ચ | ૩૨,૦૨,૩૯૩ |
| ૧૮,૧૦૯ | મુસાફરી ખર્ચ | ૨૧,૩૧૫ |
| ૪,૪૬,૧૭૭ | વિમા ખર્ચ | ૧૩,૧૦,૦૩૨ |
| -- | કન્સલ્ટીંગ ફી | ૧,૦૭,૨૮૨ |
| -- | લુબ્રીકન્ટ ખર્ચ | ૭૯,૩૫૬ |
| ૧,૨૧,૩૬,૩૧૭ | ઘસારા ખર્ચ | ૧,૦૪,૯૨,૬૫૮ |
| ૧૨,૧૬,૯૯,૯૬૩ | ચોખ્ખો નફો | ૭,૨૧,૯૩,૪૦૧ |
| ૨૯,૨૮,૮૮,૫૪૫ | કુલ સરવાળો | ૨૩,૪૫,૦૩,૩૮૧ |

નોંધ :- પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.

અમારા ઓડીટમેમોનાં શેરાને આધિન રહીને તપાસ્યું અને બરાબર છે.

સી. એમ. ભાભોર
સ્પેશ્યલ ઓડીટર સ. મં. (સુગર)
મઢી.

એન. ટી. શાહ
ડે. ચીફ એકાઉન્ટન્ટ

સ્થળ :- મઢી.
તા. ૨૧-૧૦-૨૦૧૩

# સહકારી મંડળી લિ; મઢી.

## ઈથેનોલ પ્રોજેક્ટ

### ઉત્પાદન વેપાર તથા નફા-નુકશાન ખાતુ

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૨૯,૨૮,૮૮,૫૪૫ | રેકટીફાઈડ સ્પીરીટ વેચાણ (પરિશિષ્ટ-૨ મુજબ) | ૨૩,૪૫,૦૩,૩૮૧ |
| ૨૯,૨૮,૮૮,૫૪૫ | કુલ સરવાળો | ૨૩,૪૫,૦૩,૩૮૧ |

**એમ. એલ. રાઠોડ**
મેનેજીંગ ડાયરેક્ટર

**સુરેશભાઈ જે. પટેલ**
ઉપ-પ્રમુખ

**દીલીપભાઈ બી. ભકત**
પ્રમુખ

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ
## ડીસ્ટીલરી કમ
### તા. ૩૧મી માર્ચ ૨૦૧૩ ના

| ગયા વર્ષના આંકડા | પુંજી તથા દેવું | | રૂપિયા |
|---|---|---|---|
| ૩,૯૧,૨૮,૧૯૮ | શ્રી મઢી વિભાગ ખાંડ ઉ. સ. મં. લિ; મઢી. (સુગર યુનિટ) | | ૧૫,૮૦,૧૩,૭૭૬ |
| ૬૫,૬૪,૯૦૦ | બાંધીમુદત થાપણ | | ૫૬,૨૩,૯૦૦ |
| ૭૧,૭૪,૭૧૨ | ખર્ચ તથા માલ ખરીદી અંગેના દેવા | | ૯૧,૧૩,૫૭૮ |
| | વ્યાજના બાકી દેવા ખાતુ | ૫૧,૫૫,૦૩૯ | |
| | વેપારી ખાતુ | ૩૯,૫૮,૫૩૯ | |
| ૯,૨૦,૨૭,૭૧૫ | ઘસારા ફંડ | | ૧૦,૨૫,૨૦,૩૭૩ |
| | ગયા વર્ષ સુધીનું | ૯,૨૦,૨૭,૭૧૫ | |
| | ચાલુ વર્ષનો વધારો | ૧,૦૪,૯૨,૬૫૮ | |
| ૧૨,૧૬,૯૯,૯૬૩ | નફા-નુકશાન ખાતુ | | ૭,૨૧,૯૩,૪૦૧ |
| | ચાલુ વર્ષનો નફો સુગર યુનિટ ખાતે લઈ ગયા | | |
| ૨૬,૬૫,૯૫,૪૮૮ | **કુલ સરવાળો** | | ૩૪,૭૪,૬૫,૦૨૮ |

**નોંધ :–** પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.
**અમારા ઓડીટમેમોનાં શેરાને આધિન રહીને તપાસ્યું અને બરાબર છે.**

**સી. એમ. ભાભોર**
સ્પેશ્યલ ઓડીટર સ. મં. (સુગર)
મઢી.

**એન. ટી. શાહ**
ડે. ચીફ એકાઉન્ટન્ટ

સ્થળ :– મઢી.
તા. ૨૧–૧૦–૨૦૧૩

## સહકારી મંડળી લિ; મઢી.
### ઈથેનોલ પ્રોજેક્ટ
### રોજનું સરવૈયુ

| ગયા વર્ષના આંકડા | મિલ્કત તથા લેણું | | રૂપિયા |
|---|---|---|---|
| ૧૪,૪૯,૬૮,૦૭૪ | સ્થાયી મિલ્કત (મુળ કિંમતે) | . | ૨૦,૧૫,૫૮,૨૧૦ |
| | બાંધકામ | ૫,૯૩,૯૮,૭૮૮ | |
| | પ્લાન્ટ અને મશીનરી | ૧૩,૦૬,૬૮,૯૦૯ | |
| | ઈલેક્ટ્રીક ઈન્સ્ટોલેશન | ૧,૦૬,૭૮,૦૫૮ | |
| | લેબ ઈક્વીપમેન્ટ | ૫,૧૩,૧૪૭ | |
| | લેબોરેટરી | ૧,૨૮,૬૬૮ | |
| | ફર્નિચર | ૧,૪૨,૧૪૦ | |
| | ઓફિસ ઈક્વીપમેન્ટ | ૨૮,૫૦૦ | |
| ૧૦,૩૦,૨૮,૨૧૬ | ચલણી મિલ્કત | | ૧૩,૩૫,૭૮,૬૬૭ |
| | રેક્ટીફાઈડ સ્પીરીટ સ્ટોક (૩૧-૦૩-૨૦૧૩) | ૧૨,૨૪,૯૦,૧૯૮ | |
| | મોલાસીસ સ્ટોક (૩૧-૦૩-૧૩) | ૩૧,૦૯,૬૦૦ | |
| | મશીનરી સ્ટોર્સ | ૧૩,૯૨,૯૩૪ | |
| | કેમીકલ સ્ટોર્સ | ૬૨,૧૩,૧૭૨ | |
| | ઈલેક્ટ્રીક સ્ટોર્સ | ૩,૭૨,૭૬૩ | |
| ૧,૮૫,૯૯,૧૯૮ | ખર્ચ અંગેના બાકી લેણા | | ૧,૨૩,૨૮,૧૫૧ |
| | ગ્રાહક | ૧,૧૪,૦૮,૨૮૮ | |
| | અગાઉ થી ચુકવેલ વિમો | ૯,૧૯,૮૬૩ | |
| ૨૬,૬૫,૯૫,૪૮૮ | કુલ સરવાળો | | ૩૪,૭૪,૬૫,૦૨૮ |

| એમ. એલ. રાઠોડ | સુરેશભાઈ જે. પટેલ | દીલીપભાઈ બી. ભક્ત |
|---|---|---|
| મેનેજીંગ ડાયરેક્ટર | ઉપ-પ્રમુખ | પ્રમુખ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

## સંસ્થાએ છેલ્લા દશ વર્ષમાં કરેલ

| અ.નં. | વિગત | ૨૦૦૩-૨૦૦૪ | ૨૦૦૪-૨૦૦૫ | ૨૦૦૫-૨૦૦૬ | ૨૦૦૬-૨૦૦૭ |
|---|---|---|---|---|---|
| ૧. | શેરડી વાવેતર (એકરમાં) | ૩૨,૦૪૨.૧૧ | ૨૪,૦૩૫.૨૮ | ૪૪,૯૩૯.૧૪ | ૪૪,૭૮૩.૩૧ |
| ૨. | એકર દીઠ શેરડીનો ઉતારો(ટનમાં) | ૨૬.૦૯૮ | ૩૧.૧૮૭ | ૩૧.૬૨૩ | ૩૨.૫૨૮ |
| ૩. | શેરડીનું પીલાણ (ટનમાં) | ૧૧,૧૦,૫૨૯ | ૭,૮૪,૯૦૭ | ૧૦,૬૧,૮૭૦ | ૧૧,૮૦,૯૦૭ |
| ૪. | સીઝન દરમ્યાન પીલાણના દિવસો | ૧૪૯ | ૧૨૧ | ૧૯૫ | ૨૨૮ |
| ૫. | ખાંડનું ઉત્પાદન (દાગીના કવીન્ટલ) | ૧૨,૫૮,૮૫૭ | ૮,૫૦,૩૨૧ | ૧૧,૬૧,૬૮૬ | ૧૩,૧૩,૧૭૫ |
| ૬. | ખાંડની રીકવરી | ૧૧.૩૪ | ૧૦.૭૭ | ૧૦.૯૩ | ૧૧.૧૨ |
| ૭. | દાગીના દીઠ કુલ ઉત્પાદન ખર્ચ | ૧,૪૩૨-૫૧ | ૧,૯૫૩.૭૯ | ૧,૯૫૯.૮૭ | ૧,૪૨૮.૧૨ |
| ૮. | ખાંડ ઉપજ રાશ (દાગીના દીઠ) | ૧,૩૫૪.૦૬ | ૧,૭૯૮.૬૮ | ૧,૮૧૫.૬૯ | ૧,૨૭૨.૫૪ |
| ૯. | શેરડીનો ચુકવેલ ભાવ (ટીન દીઠ) | ૧,૨૨૦<br>(ગેટ ડીલીવરી) | ૧,૫૭૭<br>(ગેટ ડીલીવરી) | ૧,૭૧૬<br>(ગેટ ડીલીવરી) | ૧,૦૯૬<br>(ગેટ ડીલીવરી) |
| ૧૦. | સભાસદ સંખ્યા | ૧૫,૪૫૬ | ૧૫,૫૭૬ | ૧૬,૩૯૬ | ૧૭,૪૯૧ |
| ૧૧. | શેર સંખ્યા | ૩૯,૮૦૪ | ૩૯,૮૪૫ | ૪૦,૪૫૫ | ૪૧,૩૮૯ |
| ૧૨. | રીઝર્વ ફંડ અને બીજા ફંડો (રૂા.) | ૪૧,૨૫,૭૬,૨૬૩ | ૪૫,૦૨,૮૪,૮૩૫ | ૪૯,૧૫,૧૮,૯૬૨ | ૫૨,૬૫,૮૯,૬૩૦ |
| ૧૩. | થાપણો (રૂા.) | ૮૪,૪૩,૯૪,૪૧૯ | ૮૮,૬૮,૧૧,૩૩૮ | ૮૫,૭૮,૬૨,૪૪૯ | ૭૧,૧૧,૬૮,૮૩૩ |
| ૧૪. | સ્થાયી મિલ્કત (રૂા.) | ૮૭,૧૧,૮૫,૯૭૦ | ૮૭,૪૫,૬૬,૪૧૯ | ૯૧,૪૫,૨૦,૪૧૬ | ૦૫,૫૨,૫૪,૪૦૩ |
| ૧૫. | આર.એસ.ઉત્પાદન (લીટર) | -- | ૧૫,૧૭,૪૫૯ | ૬૦,૩૮,૧૫૦ | ૭૭,૫૦,૮૭૭ |
| ૧૬. | મોલાસીસ વપરાશ (મે.ટન) | -- | ૬,૨૧૦.૦૦૦ | ૨૨,૯૩૦.૦૦૦ | ૨૮,૫૨૨.૦૦૦ |

નોંધ :- પીલાણ સીઝન ૨૦૧૩-૨૦૧૪ માં વાવેતર કુલ એકર ૪૩,૫૨૫.૨૭ ગુંઠા છે.
પીલાણ ૧૧,૦૦,૦૦૦ મે. ટન થશે.

# સહકારી મંડળી લિ; મઢી.

## કાર્યવાહી દર્શાવિતું પત્રક

| ૨૦૦૭–૨૦૦૮ | ૨૦૦૮–૨૦૦૯ | ૨૦૦૯–૨૦૧૦ | ૨૦૧૦–૨૦૧૧ | ૨૦૧૧–૨૦૧૨ | ૨૦૧૨–૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| ૪૫,૪૭૨.૧૯ | ૪૩,૩૫૨.૩૨ | ૩૮,૬૪૪.૧૭ | ૪૫,૮૨૩.૨૩ | ૪૫,૦૩૭.૨૯ | ૪૨,૨૩૫.૨૪ |
| ૩૧.૫૨૩ | ૨૫.૧૩૦ | ૩૦.૨૭૦ | ૩૧.૩૮૨ | ૨૬.૦૭૪ | ૩૦.૧૫૦ |
| ૧૪,૯૪,૩૬૦ | ૧૧,૮૮,૫૯૩ | ૧૧,૪૩,૬૩૧ | ૧૧,૩૨,૭૫૨ | ૧૨,૫૭,૧૯૩ | ૧૦,૨૦,૪૯૪ |
| ૧૯૯ | ૧૩૯ | ૧૭૨ | ૨૧૨ | ૧૫૯ | ૧૬૩ |
| ૧૫,૩૮,૩૮૫ | ૧૨,૬૭,૧૮૫ | ૧૨,૦૮,૩૫૫ | ૧૧,૬૨,૮૧૫ | ૧૩,૧૯,૯૧૫ | ૧૦,૭૨,૭૩૦ |
| ૧૦.૩૦ | ૧૦.૬૬ | ૧૦.૫૭ | ૧૦.૨૭ | ૧૦.૫૦ | ૧૦.૫૧ |
| ૧,૪૯૮.૧૭ | ૨,૩૧૭.૦૭ | ૨,૯૩૨.૧૭ | ૨,૭૭૬.૯૯ | ૩,૧૧૪.૯૫ | ૩,૫૬૯.૭૫ |
| ૧,૩૨૫.૩૮ | ૧,૯૯૫.૭૦ | ૨,૬૬૦.૯૯ | ૨,૫૨૭.૪૬ | ૨,૭૫૯.૪૫ | ૩,૧૬૭.૧૦ |
| ૧,૧૯૧ | ૨,૧૮૫ | ૨,૬૩૬ | ૨,૩૦૬ | ૨,૮૪૬ | ૩,૧૧૬ |
| (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) |
| ૧૭,૫૩૦ | ૧૭,૬૨૧ | ૧૭,૬૭૯ | ૧૭,૭૮૫ | ૧૭,૮૭૪ | ૧૮,૦૩૨ |
| ૪૧,૩૯૨ | ૪૧,૪૦૩ | ૪૧,૪૦૩ | ૪૧,૪૦૩ | ૪૧,૪૦૩ | ૪૧,૪૦૩ |
| ૫૬,૧૬,૨૦,૩૩૨ | ૫૯,૬૬,૭૧,૪૩૨ | ૬૨,૯૨,૪૮,૧૩૮ | ૬૭,૯૩,૨૬,૨૮૦ | ૭૨,૯૩,૫૨,૪૮૯ | ૭૭,૮૫,૬૩,૫૧૭ |
| ૫૨,૪૨,૮૧,૭૫૯ | ૫૨,૧૨,૮૬,૯૮૬ | ૫૯,૮૭,૨૩,૫૦૨ | ૬૧,૧૦,૬૧,૮૯૫ | ૫૧,૩૩,૩૬,૫૯૫ | ૪૨,૦૫,૮૪,૦૯૫ |
| ૧,૦૯,૨૪,૬૭,૮૨૭ | ૧,૧૪,૦૪,૫૨,૮૯૫ | ૧,૧૬,૪૦,૩૫,૫૫૦ | ૧,૨૨,૧૬,૯૮,૪૧૧ | ૧,૨૮,૫૫,૮૫,૫૨૬ | ૧,૩૫,૩૮,૬૦,૯૮૮ |
| ૯૬,૨૦,૩૮૮ | ૮૦,૭૭,૭૦૦ | ૬૭,૮૫,૦૦૦ | ૭૮,૬૭,૬૦૦ | ૯૫,૩૮,૪૦૦ | ૬૬,૦૭,૭૦૦ |
| ૩૫,૫૩૨.૦૦૦ | ૨૮,૯૦૬.૦૦૦ | ૨૫,૧૪૪.૦૦૦ | ૨૮,૬૮૨.૦૦૦ | ૩૪,૦૦૮.૦૦૦ | ૨૩,૮૨૨.૦૦૦ |

## " શેરડીની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ "

### પ્રસ્તાવના :-

સભાસદ મિત્રો શેરડીનું પ્રતિ એકરે ઉત્પાદન દિન પ્રતિદિન ઘટતું જોવા મળે છે, તે માટેનાં અનેક પરિબળો જવાબદાર હોય છે. જેવા કે વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિનો અભાવ, બિયારણની પસંદગી બાબતે નિષ્કાળજી, આડેધડ રાસાયણિક ખાતરોનો વપરાશ, પાણીની અછત, મજુરોની અછત, વીજળીની અછત, સેન્દ્રિય ખાતરોનો નહિવત વપરાશ, જમીનમાં અપુરતા નિતાર તથા એ જ ચીલાચાલુ ખેતી પદ્ધતિ, સમયસર પાક સંરક્ષણના પગલાનો અભાવ વિગેરે મુખ્યત્વે ગણી શકાય. આવા વિપરીત સંજોગો વચ્ચે શેરડીનું ઉત્પાદન પ્રતિ એકર દીઠ વધારી શકાય તે માટે નીચે મુજબ વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિનો અમલ કરવો અત્યંત જરૂરી છે.

### જમીનની તૈયારી :-

જમીનમાં પુરતી વરાપે પ્લાવ કરી, હેરો મારી તથા કલ્ટીવેટર કરી જમીન ભરભરી બનાવો તથા ૩ ॥ થી ૪ ફુટના અંતરે અથવા જોડીયા હાર પધ્ધતિ માટે ૨ ॥ ફુટના અંતરે નીકીયા કાઢો, હાર્વેસ્ટીંગ મશીનથી શેરડી કાપણી કરાવવા માટે ૪ (ચાર) ફુટના અંતરે નિકિયા કાઢવા તથા તેની સાથે જ નિતારની વ્યવસ્થા અચૂક કરવી.

### નિંદામણ નિયંત્રણ :-

દિન-પ્રતિદિન મજુરોની અછતને ધ્યાનમાં લઈ શેરડીનાં ખેતરને શરૂઆતથી જ નિંદામણ મુકત રાખવા માટે શેરડી વાવેતર બાદ નિંદામણ ઉગ્યા પહેલાની દવા ૨૪ થી ૭૨ કલાકમાં અથવા નિંદામણ ઉગ્યા બાદની દવાઓ ૮ થી ૧૦ દિવસે અથવા ૧૫ થી ૧૭ દિવસે ભલામણ કરેલ માત્રામાં લઈ અચુક છંટકાવ કરો, જેનાથી નિંદામણનાં ખર્ચમાં ૪૦ થી ૫૦ ટકા જેટલો ઘટાડો કરી શકાશે.

### ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ :-

જે વિસ્તારમાં પાણીની ખૂબજ અછત છે તેવા સભાસદો માટે તેમની શેરડીની ખેતીમાં ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ ખુબ જ આશિર્વાદરૂપ છે. ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ બેસાડવા માટે એસ. ટી. પ્રકારનાં ખેડૂતોને સરકારશ્રી તરફથી ૭૫ ટકા સુધી તથા સામાન્ય પ્રકારના ખેડૂતોને ૫૦ ટકા સુધી સબસીડી મળે છે. તદ્ઉપરાંત આપણી સંસ્થાના સભાસદ હોય તો તેમને સંસ્થા તરફથી પ્રતિ હેકટરે ₹ ૫,૦૦૦/- સબસીડી વધુમાં વધુ બે હેકટર માટે ₹ ૧૦,૦૦૦/- સુધી આપવાનું ચાલુ છે. આ બાબતે વધુ માહિતી માટે સંસ્થાનાં ખેતી વિભાગનો સંપર્ક કરવા વિનંતી છે.

### રાસાયણિક ખાતરો :-

હાલમાં જ ચાલુ રો. સી. ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન રાસાયણિક ખાતરોના ભાવોમાં થયેલ ધરખમ ભાવવધારાને ધ્યાનમાં લેતા રાસાયણિક ખાતરોની સાથે સેન્દ્રિય ખાતરોનો સમન્વય કરી સમયસર આપવા ખાસ ભલામણ છે. આની સાથે ખાતરોની કાર્યક્ષમતા વધારવા માટેની નીચે મુજબના પગલાંઓ અચુક લેવા ખાસ ભલામણ છે.

(૧) તમારી જમીનનાં નુમનાનું સંસ્થામાં કાર્યરત સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરીમાં પૃથ્થકરણ કરાવી તેમાં ભલામણ કર્યા મુજબનાં જ ખાતરો વાપરવા.

(૨) ફોસ્ફેટીક ખાતરો જેવા કે ડી.એ.પી. / સિ. સુ. ફો. / નર્મદા ફોસ / એ. એસ. પી. વિગેરેમાં રહેલા ફોસ્ફરસ તત્વની લભ્યતા વધારવા માટે જૈવિક ખાતરો (બાયોફર્ટીલાઈઝર્સ) ફોસ્ફો, સોલ્યુબલાઈઝીંગ બેકટેરીયા ૧ કિ. ગ્રા./વિંઘુ મુજબ અચૂક ઉપયોગ કરો.

(૩) ફોસ્ફેટીક તથા પોટાશયુકત ખાતરો પાયામાં રોપણી સમયે તથા ભારે પાળીયા ચઢાવો ત્યારે અચૂક વાપરવા તથા આપ્યા બાદ હંમેશા માટીથી ઢાંકી દેવા તથા હંમેશા પાણી આપ્યા પહેલા આપવા.

(૪) નાઈટ્રોજનયુકત ખાતર ખાસ કરીને યુરીયા ખાતરને કોરૂ ન આપતા તેને નિમિન કોટેડ કરી અથવા લીંબોડીનાં તેલનો પટ આપી અથવા કોઈપણ પ્રકારના સેન્દ્રિય ખાતરો સાથે ભેળવીને શેરડીમાં પિયત આપ્યા બાદ જ આપવું. આમ નાઈટ્રોજનયુકત ખાતરો હંમેશા પાણી આપ્યા બાદ જ આપવું. આમ કરવાથી રાસાયણિક ખાતરોની કાર્યક્ષમતા વધશે. આમ રાસાયણિક ખાતરો ભલામણ કરેલ સમયે તથા ભલામણ કરેલ માત્રામાં જ આપવા અત્યંત જરૂરી છે.

**<u>શેરડીમાં પાક સંરક્ષણનાં પગલાંઓ</u> :-**

શેરડીનો પાક લાંબાગાળાનો તથા ખાંડનું પ્રમાણ વધુ ધરાવતો હોવાથી જુદીજુદી પ્રકારની જીવાતો તથા રોગોનો ઉપદ્રવ પણ જોવા મળે છે. (૧) જીવાતોમાં ખાસ કરીને વેધકોનો ઉપદ્રવ વધુ જોવા મળે છે. તો તેનું નિયંત્રણ ટ્રાઈકોકાર્ડ લગાવી કરવા ભલામણ છે. (૨) પાયરીલા નામની જીવાતનાં નિયંત્રણ માટે એપેરીકેનીયા નામની જીવાતના કોશેટા લાવી ઉપદ્રવવાળા પ્લોટમાં લગાવવા. (૩) સફેદ માખીનાં નિયંત્રણ માટે ટ્રાઈઝોફોસ નામની દવાનો ભલામણ કરેલ માત્રામાં છંટકાવ કરાવવો. (૪) ભીંગડાવાળી તથા ચીકટો(મીલીબગ્સ) નામની જીવાતનાં નિયંત્રણ માટે મેલાથીયોન નામની દવાનો છંટકાવ કરવો. (૫) સફેદ તથા લાલ પાન કથીરીનો ઉપદ્રવ જણાય તો કોઈપણ સીસ્ટેમીક પ્રકારની માઈટી સાઈડ દવા તથા (૬) વાઈટ વુલી એફીડસનાં નિયંત્રણ માટે મોનોક્રોટોફોસ દવાનો ભલામણ કરેલ માત્રામાં ૨૧-દિવસનાં અંતરે બે વખત છંટકાવ કરવો તથા ઉપદ્રવવાળા પાન ખેતરની બહાર કાઢી સળગાવીને નાશ કરવો.

**<u>શેરડીના રોગો તથા નિયંત્રણ</u> :-**

શેરડીનાં પાકમાં ખાસ કરીને ફુગ જન્ય મુખ્ય બે રોગો સુકારો (વીલ્ટ) તથા રાતડો (રેડ રોટ) નાં નિયંત્રણ માટે નીચે મુજબનાં પગલાંઓ અગાઉથી લેવા ભલામણ છે.

(૧) શેરડીનું ૮ થી ૧૦ માસનું અપરિપકવ રોગમુકત, તંદુરસ્ત બિયારણ વાપરવું.

(૨) શેરડીનાં બીજ પ્લોટમાં બીયારણને ફુગનાશક બાવીસ્ટીન દવાનો પટ આપીને તથા કોમર્શિયલ વાવેતર સમયે શેરડીનાં ટુકડાં ખેતરની બહાર પાડીને શોર્ટીંગ કરીને વાવેતર માટે ઉપયોગમાં લેવા.

(૩) રોગવાળા ખેતરનું પાણી રોગમુકત પ્લોટમાં ન જાય તે મુજબ પિયત આપવું તથા નિતાર વ્યવસ્થા કરવી.

(૪) '' સંકલિત રોગ નિયંત્રણ'' માં દર્શાવ્યા મુજબ સમયસર પાક સંરક્ષણનાં પગલાઓ અચૂક લેવા.

<u>શેરડીમાં લામ પાક વ્યવસ્થા</u> :-

મિત્રો શેરડીનો લામ પાક એ બોનસ પાક ગણાય છે. જેનું ઉત્પાદન નવું રોપાણની સરખામણીએ ઓછું આવે છે, તેને વધારવા માટેનાં નીચે મુજબનાં પાંચ પગલાંઓ શરૂઆતથી જ લેવા ખાસ અનુરોધ છે.

(૧) કાપણી થયેલ શેરડીના ભોંય સપાટ ખૂંટા ટીંચવા.

(૨) ખૂંટા ટીચેલ શેરડીનાં ખુલ્લા ભાગ પર તથા આજુબાજુ કાર્બેન્ડીઝમ દવા ૨ ગ્રામ/લીટર પાણી તથા કલોરપાઈરીફોસ દવા ૨ મીલી/લીટર પાણી મુજબ દ્રાવણ બનાવી ડ્રેચિંગ કરાવો.

(૩) ટ્રેકટરથી અથવા બળદજોડ એલનકરણાથી બે વખત ખેડ કરી જુના મુળો તોડવા.

(૪) પ્રથમ પાણી આપો તેની સાથે જ ખાલા પૂરો.

(૫) રાસાયણિક ખાતરનો પ્રથમ હપ્તો ચાસની બાજુમાં ફરજિયાત ઓરીને જ આપવો.

આમ ઉપરોકત પાંચ મુદ્દાઓનો ફરજિયાત અમલ કરી ત્યારબાદ ભલામણ મુજબનાં રાસાયણિક ખાતરો સમયસર આપવાથી લામ શેરડીનું ૪ થી ૫ ટન/એકરે દીઠ ઉત્પાદન વધારી શકાશે.

(૧) <u>શેરડીનાં ટીસ્યુકલ્ચર રોપાઓ</u> :-

ચાલુ શેરડી રો. સી. ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન શેરડીની વધુ ઉત્પાદન તથા રીકવરી આપતી જાતો કો. ૮૬૦૩૨, કો. ૮૬૦૦૨, વિગેરે જાતોના ટીસ્યુકલ્ચર રોપાઓ વી. એસ. આઈ., પુના તથા નવસારી કૃષિ યુનિર્વસીર્ટી પાસેથી મેળવી ડીસેમ્બર થી માર્ચ-૨૦૧૪ સુધીમાં વિતરણ કરવાનું નકકી કરેલ છે. જેના છોડ દીઠ ₹ ૩/- સબસીડી આપવાનું નકકી કરેલ છે. જે મેળવવા માટે ખેતી વિભાગમાં આવી જરૂરી માંગણી ફોર્મ ભરી જવા વિનંતી છે.

(૨) <u>બાયોકંટ્રોલ લેબોરેટરી</u> :-

સંસ્થામાં કાર્યરત બાયોકંટ્રોલ લેબોરેટરીમાં તૈયાર કરવામાં આવેલા ટ્રાઈકોકાર્ડ, શેરડીના વેધકોનાં નિયંત્રણ માટે ૧-કાર્ડના છ સરખા ભાગ કરી એક એકરમાં શેરડીનાં પાનની નીચેની સપાટીએ લગાવવા. જે ''વિનામૂલ્યે'' વિતરણ કરવામાં આવે છે.

**(૩) પ્રેસમડ બાયો કંપોષ્ટ / એનરીચ પ્રેસમડ બાયો કંપોષ્ટ :-**

સંસ્થામાં કાર્યરત ડીસ્ટીલરી પ્લાન્ટમાંથી નીકળતું સ્પેન્ટ-વોશને પ્રેસમડ + ફલાય એશ તથા બગાસ મિશ્ર કરી તેમાં યોગ્ય માત્રામાં ઉમેરી પ્રેસમડ બાયોકંપોષ્ટ તૈયાર કરવામાં આવે છે. જેનું વેચાણ ₹ ૨૨૫.૦૦ પ્રતિટન + વાહતુક ચાર્જ મુજબના ભાવેથી આપવાનું નકકી કરેલ છે. વાહતુક ભાડા બાબતે સભાસદોને ચાલુ રો.સી. ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન વધુમાં વધુ ૪૦ કી.મી. સુધીનું ભાડું જે તે સભાસદ પાસેથી વસુલ કરવામાં આવશે. ૪૦ કી.મી. થી વધારાનાં કી. મી. નું વાહતુક સંસ્થા ભોગવશે.

તદ્ઉપરાંત સદર કંપોષ્ટમાં જરૂરી જૈવિક ખાતરોના કલ્ચરો તથા જૈવિક ફુગનાશક કલ્ચરો ઉમેરી એનરીચ-પ્રેસમડ કંપોષ્ટ તૈયારી કરી તેને ૫૦ કિ. ગ્રામની બેગ ભરી તૈયાર કરી ₹ ૪૫/- પ્રતિ ગુણી + ટ્રાન્સપોર્ટ ચાર્જ મુજબ તથા આવું એનરીચ પ્રેસમડ કંપોષ્ટ લુઝમાં ₹ ૪૭૫/- પ્રતિ ટન + ટ્રાન્સપોર્ટ ચાર્જ મુજબ વેચાણથી આપવાનું નકકી કરેલ છે, તો તેનો પણ શેરડીનાં પાકમાં વપરાશ કરવા ખાસ ભલામણ છે.

**(૪) સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી :-**

આપણી સંસ્થા દ્વારા આર. કે. વી. વાય. યોજનાં હેઠળ સોઈલ /મોઈક્રોન્યુટ્રીઅન્ટસ લેબોરેટરીની સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં ચાલુ રોપાણ સીઝન ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન વાવેતર થયેલ હોય તેવા સભાસદોનાં સોઈલ સેમ્પલ વૈજ્ઞાનિક ઢબે પૃથ્થકરણ કરી તેમાં તેના રીપોર્ટ મોકલવામાં આવશે. તો તે મુજબ જ રાસાયણિક ખાતરોનો વિવેવપૂર્વક ઉપયોગ કરવા ખાસ ભલામણ છે.

આમ ઉપર મુજબની વૈજ્ઞાનિક પધ્ધતિથી વાવેતર કરી પ્રતિ એકરદીઠ ગુણવત્તાયુકત શેરડીનું વધુમાં વધુ ઉત્પાદન કરી તંદુરસ્ત શેરડીનો પુરવઠો પુરો પાડવા માટેની શકિત સૌને આપે એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

આપનો વિશ્વાસુ,

**હેમાંશુભાઈ જે. શાહ**
કેઈન પ્રોકયોરમેન્ટ મેનેજર

**મહાદેવભાઈ ડી. વશી**
ઈ. ચા. કેઈન ડેવલપમેન્ટ મેનેજર

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

| ૨૦૧૧-૨૦૧૨ | સિઝન | ૨૦૧૨-૨૦૧૩ |
|---|---|---|
| ૧૨,૫૭,૧૯૨.૫૨૦ | પિલાણ શેરડી ટન | ૧૦૨૦૪૯૩.૬૧૦ |
| ૧૩,૧૯,૯૧૫ | ખાંડ ગુણી ઉત્પાદન | ૧૦,૭૨,૭૩૦ |
| ૧૦.૫૦ | રીકવરી | ૧૦.૫૧ |

| ખાંડ ગુણી દીઠ | રકમ રૂા. | શેરડી ટન દીઠ | વિગત | ખાંડ ગુણી દીઠ | રકમ રૂા. | શેરડી ટન દીઠ |
|---|---|---|---|---|---|---|
| ૨૭૫૯.૪૫ | ૩,૬૪,૨૨,૪૩,૧૧૪ | ૨,૮૯૭.૧૨ | ખાંડ | ૩૧૬૭.૧૦ | ૩,૩૯,૭૪,૪૭,૮૬૫ | ૩૩૨૯.૨૨ |
| ૩૫.૧૩ | ૪,૬૩,૬૭,૯૪૩ | ૩૬.૮૮ | બગાસ | ૭૩.૬૩ | ૭,૮૯,૮૭,૯૯૪ | ૭૭.૪૦ |
| ૨૦૪.૯૩ | ૨૭,૦૪,૮૩,૮૯૫ | ૨૧૫.૧૫ | મોલાસીસ | ૨૩૩.૫૭ | ૨૫,૦૫,૫૯,૯૦૦ | ૨૪૫.૫૩ |
| ૦.૩૭ | ૪,૯૧,૮૭૪ | ૦.૩૯ | પ્રેસમડ | ૦.૩૫ | ૩,૮૦,૧૧૬ | ૦.૩૭ |
| ૧૦.૨૧ | ૧,૩૪,૭૪,૦૩૭ | ૧૦.૭૨ | વ્યાજ આવક | ૧૩.૧૫ | ૧,૪૧,૦૯,૪૨૪ | ૧૩.૮૩ |
| ૧૩.૭૯ | ૧,૮૨,૦૪,૩૧૦ | ૧૪.૪૮ | અન્ય આવક | ૧૫.૦૬ | ૧,૬૧,૫૨,૩૩૬ | ૧૫.૮૩ |
| ૯૨.૨૦ | ૧૨,૧૬,૯૯,૯૬૩ | ૯૬.૮૦ | ડીસ્ટીલરી વિભાગનો નફો | ૬૭.૩૦ | ૭,૨૧,૯૩,૪૦૧ | ૭૦.૭૪ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | વાહન વેચાણ નફો | ૦.૧૦ | ૧,૦૩,૩૩૫ | ૦.૧૦ |
| **૩૧૧૬.૦૮** | **૪,૧૧,૨૯,૬૫,૧૩૬** | **૩,૨૭૧.૫૫** | **કુલ આવક** | **૩૫૭૦.૨૭** | **૩,૮૨,૯૯,૩૪,૩૭૧** | **૩૭૫૩.૦૨** |
| ૨૫૯૮.૪૪ | ૩,૪૨,૯૭,૧૬,૩૬૪ | ૨૭૨૮.૦૮ | શેરડીના ચુકવ્યા | ૨૯૪૫.૪૬ | ૩,૧૫,૯૬,૮૪,૭૧૨ | ૩૦૯૬.૨૩ |
| ૫૨.૧૧ | ૬,૮૭,૭૯,૬૩૩ | ૫૪.૭૧ | શેરડી ખરીદ વેરો | ૫૯.૨૮ | ૬,૩૫,૯૫,૬૯૦ | ૬૨.૨૩ |
| | | | **ઉત્પાદન ખર્ચ** | | | |
| ૧.૪૪ | ૧૯,૦૬,૦૨૭ | ૧.૫૨ | બળતણ ખર્ચ | ૨.૫૯ | ૨૭,૮૧,૬૯૧ | ૨.૭૩ |
| ૬.૮૩ | ૯૦,૧૮,૭૭૪ | ૭.૧૭ | લુબ્રીકન્ટસ ખર્ચ | ૯.૭૩ | ૧,૦૪,૩૬,૬૭૮ | ૧૦.૨૩ |
| ૩૬.૨૩ | ૪,૭૮,૧૫,૦૭૧ | ૩૮.૦૩ | કેમીકલ ખર્ચ | ૩૫.૬૬ | ૩,૮૨,૫૭,૯૬૮ | ૩૭.૪૯ |
| ૫૦.૧૯ | ૬,૬૨,૪૨,૫૬૬ | ૫૨.૬૯ | પેકીંગ ખર્ચ | ૫૮.૪૬ | ૬,૨૭,૧૩,૨૫૫ | ૬૧.૪૫ |
| ૧૩૫.૪૮ | ૧૭,૮૮,૧૬,૧૪૭ | ૧૪૨.૨૩ | મજુરી પગાર ખર્ચ | ૧૬૮.૦૫ | ૧૮,૦૨,૬૮,૯૫૭ | ૧૭૬.૬૫ |
| ૬૩.૨૯ | ૮,૩૫,૩૭,૧૦૩ | ૬૬.૪૫ | રીપેર્સ મેન્ટે. પ્લાન્ટ મશીનરી ખર્ચ | ૭૭.૨૨ | ૮,૨૮,૩૯,૫૨૮ | ૮૧.૧૮ |
| ૯.૬૯ | ૧,૨૭,૮૫,૦૮૯ | ૧૦૧૭ | ઈલેકટ્રીક ખર્ચ | ૧૨.૩૩ | ૧,૩૨,૨૬,૫૮૩ | ૧૨.૯૬ |
| **૩૦૩.૧૪** | **૪૦,૦૧,૨૦,૭૭૭** | **૩૧૮.૨૭** | **કુલ ઉત્પાદન ખર્ચ** | **૩૬૪.૦૫** | **૩૯,૦૫,૨૪,૬૬૦** | **૩૮૨.૬૮** |
| | | | **વહીવટી ખર્ચ** | | | |
| ૩૦.૬૦ | ૪,૦૩,૮૮,૧૨૪ | ૩૨.૧૩ | પગાર ખર્ચ | ૩૮.૭૧ | ૪,૧૫,૨૦,૪૦૦ | ૪૦.૬૯ |
| ૬૭.૪૬ | ૮,૯૦,૪૬,૨૨૨ | ૭૦.૮૩ | વ્યાજ ખર્ચ | ૮૩.૯૫ | ૯,૦૦,૫૭,૬૫૯ | ૮૮.૨૫ |
| ૨૫.૩૨ | ૩,૩૪,૧૮,૭૪૪ | ૨૬.૫૮ | અન્ય ખર્ચ | ૩૧.૬૮ | ૩,૩૯,૮૮,૬૦૩ | ૩૩.૩૧ |
| **૧૨૩.૩૮** | **૧૬,૨૮,૫૩,૦૯૦** | **૧૨૯.૫૪** | **કુલ વહીવટી ખર્ચ** | **૧૫૪.૩૪** | **૧૬,૫૫,૬૬,૬૬૨** | **૧૬૨.૨૪** |
| ૩૭.૮૮ | ૫,૦૦,૦૦,૦૦૦ | ૩૯.૭૭ | ઘસારો | ૪૬.૬૧ | ૫,૦૦,૦૦,૦૦૦ | ૪૯.૦૦ |
| ૧.૧૩ | ૧૪,૯૫,૨૭૨ | ૧.૧૯ | ચોખ્ખો નફો | ૦.૫૨ | ૫,૬૨,૬૪૭ | ૦.૫૫ |
| **૩,૧૧૬.૦૮** | **૪,૧૧,૨૯,૬૫,૧૩૬** | **૩,૨૭૧.૫૫** | **કુલ સરવાળો** | **૩૫૭૦.૨૭** | **૩,૮૨,૯૯,૩૪,૩૭૧** | **૩,૭૫૩.૦૨** |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## -:: અધિકારી વર્ગ ::-

| અ.નં. | નામ | શૈક્ષણિક લાયકાત | હોદ્દો |
|---|---|---|---|
| ૧ | શ્રી એમ. એલ. રાઠોડ | બી. ઈ. મિકેનિકલ | મેનેજીંગ ડીરેકટર |
| ૨ | શ્રી યોગેશકુમાર સી. ભાવસાર | ડી.એમ.ઈ. ફર્સ્ટ કલાસ | ચીફ એન્જીનિયર (તા. ૩૦-૪-૨૦૧૩ સુધી) |
| | શ્રી અવિનાશ ઢેકાણે | બી. ઈ. મિકેનીક બોઈલર પ્રોફીસીયન્સી સેકન્ડ કલાસ | ચીફ એન્જીનિયર (તા. ૧૧-૫-૨૦૧૩ થી) |
| ૩ | શ્રી આર. સી. બડગુજર | બી. એસસી; એવીએસઆઈ (સુગર ટેક) | ચીફ કેમીસ્ટ (તા. ૩૦-૪-૨૦૧૩ સુધી) |
| | શ્રી રાવ સાહેબ શેટ્ટી | બી. એસસી; એવીએસઆઈ (સુગર ટેક) | ચીફ કેમીસ્ટ તા. ૨૭-૮-૨૦૧૩ થી) |
| ૪ | શ્રી પ્રવિણભાઈ ઝેડ. મિસ્ત્રી | બી. એસસી; (એગ્રી.) | સી. ડી. એમ. |
| ૫ | શ્રી હેમાંશુભાઈ જે. શાહ | બી. એસસી; (એગ્રી.) | સી. પી. એમ. |
| ૬ | શ્રી નિલેશભાઈ ટી. શાહ | બી.કોમ., | ડેપ્યુટી ચીફ એકાઉન્ટન્ટ |
| ૭ | શ્રી જશવંતસિંહ પી. સોલંકી | બી.એ. | ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ/ ઈનચાર્જ લેબર ઓફિસર |
| ૮ | ડૉ. ડી. એસ. હરસોલા | એમ. બી. બી. એસ. | મેડીકલ ઓફિસર |
| ૯ | શ્રી પ્રકાશભાઈ જી. દેસાઈ | એમ. કોમ., એલ. એલ. બી. | પરચેઝ ઓફિસર |
| ૧૦ | શ્રી ભરતભાઈ ડી. પટેલ | બી. એસસી; ડી.આઈ.એફ.એ.ટી. | ડીસ્ટીલરી ઈનચાર્જ |

## -:: બેન્કર્સ ::-

૧. ધી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓ. બેંક લિ; સુરત.
૨. ધી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓ. બેંક લિ; મઢી શાખા.
૩. બેંક ઓફ બરોડા, મઢી શાખા.
૪. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, મઢી/બારડોલી શાખા.
૫. દેના બેંક, સુરાલી શાખા.
૬. એચ. ડી. એફ. સી. બેંક લિ; બારડોલી શાખા.
૭. આઈ. સી. આઈ. સી. આઈ. બેંક લિ; બારડોલી શાખા.

## -:: રજીસ્ટર્ડ ઓફિસ ::-


શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ;
મઢી. તાલુકો : બારડોલી. જિ. સુરત. (ગુજરાત).

## -:: ઓડિટર્સ ::-


શ્રી સ્પેશ્યલ ઓડિટર, સહકારી મંડળીઓ,
(સુગર) મઢી.

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

પ્રકાશક :– શ્રી દિલીપભાઈ ભીખાભાઈ ભકત – પ્રમુખશ્રી
શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી. બારડોલી. જિ.સુરત.
મુદ્રક :– હેમંત પ્રિન્ટીંગ પ્રેસ,મઢી. ફોન :– ૨૪૧૧૧૧



સુગર પ્લાન્ટ



ડિસ્ટીલરી પ્લાન્ટ

રવાના :
જા. નં. : / ૨૦૧૩ – ૨૦૧૪

બુક–પોષ્ટ

શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.
મુ. પો. મઢી– ૩૯૪ ૩૪૦, પો. બો. નં. ૫, તા. બારડોલી જિ. સુરત.
ફોન નં : (૦૨૬૨૨) ૨૪૧૦૪૮, ૨૪૨૧૪૧, ૨૪૧૦૧૩, ૨૪૨૭૧૮
ફેક્સ નં. : (૦૨૬૨૨) ૨૪૧૦૧૪
ગ્રામ : ''ખાંડ ઉદ્યોગ''
ઈમેઈલ : madhisugar@rediffmail.com

પ્રતિ,
શ્રી ______________________
મુ. ____________ પો. : ____________
તા. ____________ જિ. : ____________